ઉદ્ધવગીત

લેખન - સંકલન : ડૉ. પીયૂષ પરીખ

ઉદ્ધવગીત

લેખન - સંકલન : ડૉ. પીયૂષ પરીખ

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી, ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ : તા. ૨૩-૧૨-૨૦૧૮

પ્રત :

ન્યોછાવર : રૂા.
(ભારતમાં પોસ્ટેજ ખર્ચ સાથે અને પરદેશમાં પોસ્ટેજ ખર્ચ અલગ)

પ્રાપ્તિસ્થાન :
રૂણાબેન આર. મહેતા
બી-૫૯૦, અલકનંદાપાર્ક,
નારાયણવિદ્યાવિહાર પાસે, ભોલાવ,
ભરૂચ. મો.: ૯૦૧૬૧૧૬૩૫૭

મુદ્રક :
શ્રીજી ગ્રાફીક્સ
રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ.
મો. : ૯૬૬૨૦૨૧૯૭૩

II Shri Hari II
II Shri Dwarkesho Jayati II

Goswami Vagishkumar
Yuvraj - Trutiya Peeth

તા. ૨૭/૯/૨૦૨૦

પ.ભ. શ્રી નાથુભાઈ પરીખ,
ભરૂચ.

આપના દ્વારા "ઉદ્ધવગીતા" પુસ્તકરૂપે પ્રકાશિત થવા જઈ રહી છે. તે જાણી આનંદ થયો.

શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધમાં ગોપીજનોના શ્રી પ્રભુ પ્રત્યે ભાવ અને તેમનું શ્રી ઠાકોરજી પ્રત્યેનું સમર્પિત ભક્તિમાં ડૂબ્યુ છે. ઉદ્ધવજી ગોપીજનોને જ્ઞાનમાર્ગ શિખવવા આવે છે પરંતુ ગોપીજનો પાસેથી શ્રી ઠાકોરજી પ્રત્યેનો તેમનો ભાવ ભક્તિને ગદ્ગદ થઈ તેમને ગુરુ માનવા લાગે છે. આપે પ્રેમલક્ષણા ભક્તિને લઈ આ પુસ્તકમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે જે ખરેખર સરાહનીય છે. શ્રી પ્રભુ આપના દ્વારા આવા ભાવ સેવા ભક્તિના કાર્યો કરાવતા રહે તેવી મંગલ કામના સાથે શુભાશિર્વાદ.

ભવદીય,
ગોસ્વામી વાગીશ કુમાર
(કાંકરોલી)

શુભાશિષ

વૈષ્ણવાચાર્ય
શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી

'વ્રજધામ'
સેટેલાઈટ રોડ, અમદાવાદ

'ભક્તિધામ'
બોપલધુમા રોડ, અમદાવાદ

''વંદે નંદ વ્રજસ્ત્રીણામ્''

શ્રીમદ્ ભાગવતજીમાં શ્રીકૃષ્ણ પ્રભુના ત્રણ સખાઓને વિશેષરુપે આલેખીત કરવામાં આવ્યા છે.

(૧) ઉદ્ધવજી (૨) અર્જુન (૩) સુદામા.

ઉદ્ધવજી 'જ્ઞાન' પ્રધાન છે. અર્જુન 'કર્મ' પ્રધાન છે. સુદામા 'ભક્તિ' પ્રધાન છે.

આ ત્રણેયમાં ઉદ્ધવજી વિશેષ રૂપે ભાગ્યસાળી છે, કારણ કે તેમને ગોપીજન જેવા ગુરુજનોનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે અને તેને કારણે તેમનામાં જ્ઞાન, કર્મ અને ભક્તિ ત્રણેયનો ત્રિવેણી સંગમ સધાયો છે છતાંય ''ઉદ્ધવગીત''માં ભક્તિનો પ્રવાહ વિશેષરુપે વહેતો દેખાય છે.

જે બૃહસ્પતિના શિષ્ય હોય, તેનું મહાત્મ્યજ્ઞાન કેવું પ્રબળ હોય! છતાંય તેની અંદર 'સુદૃઢ' અને 'સર્વથીઅધિક' પ્રભુ પ્રત્યે સ્નેહ પ્રગટાવી શકે તેવા ગોપીજનોનો સંગ જેને મળ્યો છે તેવા સાચા અર્થમાં 'ભક્તિ'નું સ્વરૂપ બની ચૂકેલા 'ઉદ્ધવજી' છે અને આવો ભક્ત જ્યારે પોતાની મનોકામના પ્રગટ કરતો હોય તો તે કેવલ વ્યક્તિગત મનોકામના ન રહેતા સમષ્ટીગત પ્રાર્થના બની જાય છે, જે ''ઉદ્ધવગીત'' સ્વરૂપે ભાગવતજીમાં બીરાજમાન છે.

પરમ આત્મીય ડૉ. પીયૂષભાઈ પરીખના માધ્યમથી ''ઉદ્ધવગીત' પુસ્તિકા સ્વરૂપે પ્રગટ થવા જઈ રહ્યું તે જાણીને પ્રસન્નતાનો અનૂભવ થઈ રહ્યો છે. શ્રી પીયૂષભાઈ દ્વારા આ નામ સેવાનો પ્રવાહ સતત આ રીતે જ સદા વહેતો રહે તેવી શુભકામના.

શુભમ્

- વૈષ્ણવાચાર્ય શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી - અમદાવાદ)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ શાખા

સ્થાપના વર્ષ : ૧૯૮૧

પ્રમુખ : પ.ભ. શ્રી ભરતભાઈ શેઠ
૬૧, ભૃગુપુર સોસાયટી,
કસક, ભરૂચ.
(મો.) ૯૮૨૪૧ ૭૬૭૫૦
E-mail : mail@venfrik.com

માનદ્ મંત્રી: પ.ભ. ડૉ. કલ્પેશ એમ. શાહ
સી-૭૭, આશ્રય સોસાયટી,
નર્મદા એલ્યુમિનીયમ ફેક્ટરી પાસે,
નંદેલાવ રોડ, ભોલાવ, ભરૂચ. મો.: ૯૪૨૬૮ ૯૨૧૬૦
E-mail : drkalpeshmshah220305@gmail.com

શુભેચ્છા પત્ર

શ્રીવલ્લભકુળના કૃપાપાત્ર શ્રી પીયૂષભાઈ,

શ્રી ભાગવતના પરમ અભ્યાસુ એવા આપના દ્વારા શ્રીકૃષ્ણના પરમ સખા શ્રી ઉદ્ધવજી વિષે એવમ્ શ્રી ઉદ્ધવગીત વિશે સંકલન અને લેખન કાર્ય દ્વારા પુસ્તિકા સ્વરૂપે પ્રકટ થઈ રહ્યું છે તે અતિ આનંદની વાત છે.

આ પુસ્તિકા દ્વારા વૈષ્ણવોને ઘણો સુંદર સત્સંગ પ્રાપ્ત થશે અને નાની પુસ્તિકા રૂપે દેખાતું ખુબ સુંદર સાહિત્ય પ્રકાશિત થશે.

આપ વ્યવસાયે ડૉક્ટર હોવાથી ખૂબ વ્યસ્તતામાં પણ ગૃહ સેવા, કીર્તન સેવા તથા માનવ સેવા વગેરેમાંથી સમય કાઢી વૈષ્ણવસૃષ્ટિ માટે આપના તરફથી થતી નામ સેવા ખૂબ જ સરાહનીય છે.

આપના દ્વારા વધુને વધુ સંપ્રદાયની નામ સેવા થાય. અગાઉ આપના દ્વારા લખાયેલ અને પ્રકાશિત થયેલ પુસ્તકો વૈષ્ણવસૃષ્ટિમાં જેટલા પ્રિય છે તેટલી જ આ પુસ્તિકા પણ વૈષ્ણવસૃષ્ટિને પ્રિય બને તેવી શુભકામના આ મંગલમય અવસરે પાઠવું છું.

શ્રીવલ્લભ આપનું સ્વાસ્થ્ય સુખમય રાખે અને દિર્ધાયુ બક્ષે જેથી વૈષ્ણવ સૃષ્ટિને આપના દ્વારા સત્સંગ અને નામ સેવાનો લાભ પ્રાપ્ત થતો રહે.

ભરત સી. શેઠ
પ્રમુખ
(એ.પી.વી.પી., ભરૂચ શાખા)

।। શ્રી વલ્લભ ।।

પ્રાક્કથન

પ.ભ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજીએ (નડિયાદ) શ્રીવલ્લભકૃપાથી મને શ્રીમદ્ ભાગવતમાં રસ લેતો કર્યો. તેમના દ્વારા થતી કથાઓમાં તથા પ્રવચનોમાં કિંચીત્ શ્રોતા બનીને ઉપસ્થિત રહેવાતું.

દસમ સ્કંધની કથામાં એકવાર તેમણે ''ઉદ્ધવગીત''નો ઉલ્લેખ કર્યો. તેના કીર્તનથી અંતઃકરણની અપરસ થાય છે તે રજુઆત મને સ્પર્શી ગઈ. સ્નાન કર્યા પછી ''ઉદ્ધવગીત'' બોલવાનો ક્રમ પ્રભુએ અમારી પાસે શરૂ કરાવ્યો.

ભરૂચના શ્રીભાગવત પરિવારના વૈષ્ણવો સમક્ષ પણ ''ઉદ્ધવગીત'' સંબંધી સત્સંગ થયો. પરિવારના સભ્યોએ આ વિષે વિશેષ જણાવવા મને કહ્યું. ફલ સ્વરૂપ આ ''ઉદ્ધવગીત'' રૂપ નામ સેવા નિજ ઘરના શ્રી ઠાકોરજીએ સિદ્ધ કરાવી.

અવધૂત સોસાયટીના સભ્યો સાથે સત્સંગ કરતાં કરતાં આ પુસ્તિકા વિષે વાત થઈ. તુરત તે બધા સ્વજનો આના પ્રકાશન માટે મનોરથી બન્યા. આ સર્વે શ્રી ભાગવત પરિવારના જ સભ્યો છે. તે સૌની કાનીથી ''ઉદ્ધવગીત'' વૈષ્ણવ સમાજ સમક્ષ મૂકી શકાયું છે. આ સમગ્ર પરિવારજનોનો ઋણી છું.

પ.પૂ. ગો. ૧૦૮ ડૉ. શ્રી વાગીશકુમારજી (કાંકરોલી યુવરાજ) તથા પ.પૂ.ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) સદાય આપશ્રીની અહૈતુકિ કૃપાનું વર્ષણ મારા પર કરતા રહ્યા છે. આ બંને શ્રીમાનોએ મારા દ્વારા થતી આ નામ સેવાને આશિર્વચનોથી મંડીત કરી છે આજે આપ બંને શ્રીમાનોના શ્રી હસ્ત કમલથી આ પુસ્તિકાનું વિમોચન થઈ રહ્યું છે, તે મારા માટે સૌભાગ્યનો પ્રસંગ છે. આપ શ્રીમાનોનો ઋણી છું. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ નિવેદીત કરું છું.

'બાલપુષ્ટિ'ની વર્ષગાંઠે આ કૃતિનું વિમોચન થઈ રહ્યું છે. આ માટે વૈષ્ણવ પરિવારના સમર્પિત તંત્રી અમીતભાઈ પરીખ તથા સૌજન્યશીલ ટ્રસ્ટીઓનો આભારી છું.

પ્રૂફ રીડીંગની સેવા પ.ભ. શ્રી ગોવિંદભાઈ પરીખ અને સૌ. વર્ષાએ આપી. મુદ્રણનું કાર્ય સદા તત્પર ભાઈ રાકેશ મસાણીએ શીઘ્રતાથી સિદ્ધ કરી દીધું. આં.રા.પુ.વૈ.પરિષદ (ભરૂચ શાખા)ના પ્રમુખ શ્રી ભરતભાઈ શેઠ તથા સભ્યોના સ્નેહ તથા સાલસતાને પ્રકાશક બનવા બદલ સ્મરું છું. સર્વેનો ઋણી છું.

પ.ભ. શ્રી કંચનકાકાનું મારા તરફનું વાત્સલ્ય ન ભૂલાય તેવું છે. આ પુસ્તિકા દ્વારા તેમને સ્મરણાંજલી પાઠવું છું.

સરળ સુબોધિનીજી અનુવાદક પ.ભ. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ તથા પ.ભ. શ્રી નવનીતપ્રિયજી લિખિત શ્રીભાગવત રસાસ્વાદ તથા પુષ્ટિ પુલિન મારા લેખનમાં માર્ગદર્શક બન્યા છે. બંનેનો અંતઃકરણથી આભાર માનું છું. વંદન નિવેદિત કરું છું.

દાસાનુદાસ પીયૂષના
સમસ્ત શ્રીવલ્લકુળને દંડવત્ પ્રણામ
વૈષ્ણવ જગતને વંદન, ભગવદ્ સ્મરણ.

|| શ્રી વલ્લભ ||

ડૉ. પીયૂષ નંદલાલ પરીખ

જન્મભૂમિ : પાટણ (ઉ.ગુ.)

કર્મભૂમિ : ભરૂચ (દ.ગુ.)

માતાશ્રી : અ.સૌ. જસવિદ્યાબેન

પિતાશ્રી : શ્રી નંદલાલ પરીખ

અભ્યાસ : બી.એસ.સી., એમ.બી.બી.એસ.
શાસ્ત્રીય સંગીત (વોકલ) વિશારદ

બ્રહ્મસંબંધ : નિ.લિ. પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)

સંગીત શિક્ષા : સ્વ. શ્રી નગીનભાઈ જાદવ, શ્રી ચંપકભાઈ ગોઠી

વ્યવસાય :

- દોઢ વર્ષ જિલ્લા ક્ષયરોગ કેન્દ્ર, ભરૂચમાં મેડીકલ ઓફિસર
- છેલ્લા ૩૩ વર્ષથી પ્રાઈવેટ જનરલ મેડીકલ પ્રેક્ટીસ

સંસ્થાઓમાં સેવા :

- મેડીકલ એસોસીએશન ભરૂચ, જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ભરૂચ અને રોટરી ક્લબ ઓફ ભરૂચના પાસ્ટ પ્રેસીડન્ટ
- આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરીષદ, ગુજરાત શાખાના કારોબારી સભ્ય
- રોટરી ડાયગ્નોસ્ટીક સેન્ટરના ઓન. મેડીકલ એડવાઈઝર
- LRPC કમિટિ જુનિયર ચેમ્બર ભરૂચના ચેરમેન
- નગર શિક્ષણ સમિતિ ભરૂચના એક્સ મેમ્બર
- રેડક્રોસ સોસાયટીના સભ્ય

સાંપ્રદાયિક સેવા :

- ભરૂચમાં નિયમિત સત્સંગ કાર્યક્રમો

- દેશ-પરદેશમાં સત્સંગ અને કીર્તનના કાર્યક્રમો
- અમેરિકા, કેનેડા અને લંડનમાં ધર્મયાત્રાઓ
- શ્રીનાથદ્વારા તથા શ્રી કાંકરોલી મંદિરોમાં શ્રી આચાર્યોની કૃપાથી પ્રભુ સન્મુખ કીર્તન સેવા
- વૈષ્ણવ પરિવારમાં ઘણા સમયથી લેખન સેવા
- ચરણામૃત રસપાનનાં તંત્રી
- ભરૂચ ડીસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશન (BDMA)માં ''કૃષ્ણ એઝ એ રોલ મોડલ ઈન મેનેજમેન્ટ'' વિષય પર અગિયાર મહિના સુધી દર મહિને પ્રવચનની શૃંખલા
- પ.પૂ.ગો. શ્રી ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીના શિબિરમાં શિક્ષક તરીકે સેવા

અન્ય પ્રવૃત્તિ :

- બુક લવર્સ ભરૂચ મીટના સભ્ય, ક.મા. મુન્શીના 'ભગવાન કૌટિલ્ય' પુસ્તક પર પ્રેઝન્ટેશન
- બી.ડી.એમ.એ.માં શ્રી મહાપ્રભુજીના ''વિવેક, ધૈર્ય, આશ્રય'' પુસ્તક પર પ્રેઝન્ટેશન
- ઓમકારનાથ સંગીત મંડળ (ભરૂચ)ના સભ્ય. અહીં પ.પૂ. ૧૦૮ શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીના સંગીત ગાનના કાર્યક્રમનું આયોજન કરાવ્યું

ઉપલબ્ધિ :

- વૈષ્ણવ પરિવાર દ્વારા ત્રણવાર સારસ્વત એવોર્ડ્સ
- અમેરિકાના 'વ્રજ' મંદિર દ્વારા 'પુષ્ટિ પથ પ્રદર્શક એવોર્ડ'
- અમેરિકા 'વલ્લભધામ' કનેક્ટીકટ દ્વારા એવોર્ડ
- આં.રા.પુ.વૈ. પરિષદ અધિવેશનમાં પ.પૂ.ગો. શ્રી વાગીશકુમારજી મહોદય દ્વારા એવોર્ડ. ભરૂચ, રાજપીપળા તથા હાલોલ શાખા દ્વારા સન્માન
- રોટરીના આઉટસ્ટેન્ડીંગ પાસ્ટ પ્રેસીડેન્ટ ૨૦૧૨-૧૩નો એવોર્ડ (દેડીયાપાડના આદિવાસી વીસ્તારમાં મેડીકલ કેમ્પ દરમ્યાન ડૉક્ટર્સના તથા દવા ડીસ્પેન્સ કરવાના નેટવર્કની વ્યવસ્થા માટે)

- પૂ.પા.ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત-પૂના-જેતપુર) દ્વારા આયોજીત નેશનલ કક્ષાની નિબંધ સ્પર્ધામાં દ્વિતીયક્રમના પુરસ્કારની પ્રાપ્તિ
- બાલ્યવસ્થામાં પાટણમાં સંગીત ગાન સ્પર્ધામાં પ્રથમ ક્રમથી મેડલની પ્રાપ્તિ
- શ્રી હરસાનીજી સાહિત્યકાર સન્માન એવોર્ડ પ્રાપ્ત કર્તા

ધન્યક્ષણો :

- નિ.લી.પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત) ષષ્ઠપીઠાધીશ્વરના અધ્યક્ષ સ્થાને સુરતમાં 'શ્રીપુરુષોત્તમજી લેખવાલા' પર મારું પ્રવચન. આ પ્રથમ સત્સંગ.
- પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી (તૃતિય ગહાધીશ)ના જન્મદિને આપશ્રીની અધ્યક્ષતામાં 'ગુરુભક્તિ' પર પ્રવચન.
- નિ.લી.પ.પૂ. ગો. શ્રી દાઉજી મહારાજ (તિલકાયશ્રી), નિ.લી. પ.પૂ. ગો. શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રી (મુંબઈ), નિ.લી. પ.પૂ. ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજશ્રી, પ.પૂ.ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત) તથા પ.પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી તથા ગો. શ્રી વાગીશકુમારજી સન્મુખ કીર્તન ગાન.

  તિલકાયતશ્રી પ.પૂ. ગો. ૧૦૮ શ્રી રાકેશકુમારજીના સન્મુખ કિર્તનગાનની સેવા.

  પષ્ઠપીઠાધિશ ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં યમુનાષ્ટકમ્ અને ભક્તિયોગ ઉપર શિબિર.

  પંચમ પીઠાધિશ ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધક્ષતામાં પુસ્તક વિમોચન પ્રસંગે પ્રવચન.

  અમેરીકા વ્રજમંદિરમાં અનંતશ્રીવિભૂષીત પ.પૂ. ગો. ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રી, પ.પૂ. જીજી અને પ.પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ (કાંદીવલી-ચંપારણ)ની અધક્ષતામાં વૈષ્ણવી ચળવળ વિશે પ્રવચન.

  પ.પૂ. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કડી-અમદાવાદ)ના સાનિધ્યમાં શ્રીસુબોધીનીજીની કારીકાઓનું અવગાહન.

ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદય (કડી-અમદાવાદ)ની ઉપસ્થિતિમાં શ્રીભાગવતનો સત્સંગ.

પ.પૂ. ગો. ૧૦૮ શ્રી કુંજેશબાવાશ્રીની અધ્યક્ષતામાં વૈષ્ણવ પરિષદ વિશે પ્રવચન.

લખાયેલા પુસ્તકો :

(૧) શ્રી ગોપીનાથજી (૨) શ્રી પુરુષોત્તમજી લેખવાલા

(૩) વિવેક ધૈર્યાશ્રય - ૪૦૦૦૦થી વધુ દેશ વિદેશના વૈષ્ણવોના ઘરમાં આ પુસ્તક છે.

(૪) કૃષ્ણાશ્રય (૫) સંપ્રદાય અને અધિકાર

(૬) રસોવૈસઃ (૭) ભક્તિવર્ધિની

(૮) અય મન કરલે સહન (સૂરદાસજી).

(૯) શ્રી ભાગવતાર્થ પ્રકરણ સ્કન્ધ-૧ (હરસાનીજી ટ્રસ્ટ દ્વારા પ્રકાશન)

(૧૦) આર્તિ માટે આરતી - આં.રા.પુ.વૈ. પરિષદ દ્વારા પ્રકાશિત.

(પ.ભ. શ્રી વસંતબેનનો અભિપ્રાય - ''આ પ્રકારનું કદાચ આ પ્રથમ પુસ્તક સંપ્રદાયમાં છે.''

(૧૧) ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું - દયારામભાઈના પદનું વિવેચન

(૧૨) શ્રીગુસાંઈજી પ્રકટયા ન હોત તો ? - શ્રીગુસાંઈજીની વધાઈ પર વિવેચન

(૧૩) શોભા સલુણા શ્યામની પુસ્તકમાં લીલાના ચિત્રોનું વિવરણ અને લેખન

(૧૪) શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્

(૧૫) પંચગીત

(૧૬) સિદ્ધાંત મુક્તાવલી

(૧૭) ઉદ્ધવગીત

|| શ્રી વલ્લભ ||

શ્રી ઉદ્ધવજી



ઉદ્ધવજી વૃષ્ણીઓ (ક્ષત્રિયકુળ)માં શ્રેષ્ઠ છે. આ તેમની સ્વરૂપ યોગ્યતા છે. રાજ્યના મંત્રી છે. આથી તે રહસ્ય સંભાળે છે. આ તેમની સહકારી યોગ્યતા છે. શ્રીકૃષ્ણના પ્રિયમિત્ર છે. આથી શ્રીકૃષ્ણ તેમના હૃદયની સઘળી વાતો તેમને કહી શકે છે. બૃહસ્પતિના સાક્ષાત્ શિષ્ય છે. તે ખૂબ નિપૂણ છે. તેઓ ઉત્સવ સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી 'નિરોધ લક્ષણ' ગ્રંથમાં આજ્ઞા કરે છે ''ઉદ્ધવાગમને જાત ઉત્સવ સુમહાન્ યથા । વૃંદાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્ ।।

ઉદ્ધવજી પૂર્વ જન્મમાં વસુ હતા. એકવાર દેવો વિશ્વસૃજ સહસ્ર સમ યાગ કરતા હતા. તેમાં તે ઉપસ્થિત હતા. આ યાગમાં તેમણે અપેક્ષા રાખી કે પુરુષોત્તમ મારા થાય. અન્ય માટે આ દુર્લભ છે. પણ શ્રીકૃષ્ણની કૃપાથી તેમને યોગનું ફળ મળ્યું. આ જન્મે કૃષ્ણ સેવાનો લાભ થયો. મનુષ્ય લોકમાંથી અંતર્ધાન થતાં શ્રીકૃષ્ણના દર્શન તેમને થયા છે. આથી આ તેમનો છેલ્લો જન્મ હતો. ઉદ્ધવજી રાજસ છે તેથી ભગવાને તેમને સાયુજ્યનું દાન કર્યું છે.

ઉદ્ધવજી પાંચવર્ષના હતા ત્યારથી પ્રભુની સેવા કરી હતી. સવારમાં માતા ભોજન કરવા બોલાવતી તો પણ તે જતા નહીં. પ્રભુની રમત રમ્યા કરતા હતા હવે તેઓ દ્વારકામાં શ્રીકૃષ્ણના મંત્રી બન્યા છે. શ્રીકૃષ્ણ દ્વારકામાં બિરાજતા હતા તે વખતે બ્રહ્માજી તથા દેવો વગેરે તેમના દર્શને આવ્યા હતા. બ્રહ્માજીએ સ્તુતિ કરી હતી. તે વખતે ભગવાને કહ્યું ''યદુવંશીઓ ઉન્મત્ત થઈ ગયા છે. ધમંડી અને ઉચ્છૃંખલ થયા છે. હું તે બધાનો નાશ નહીં કરું તો તેઓ મર્યાદા

ઓળંગી લોકોનો સંહાર કરશે. બ્રાહ્મણોના શાપથી તેમના વંશના નાશનો આરંભ થઈ ચૂક્યો છે. તેમનો અંત થશે ત્યારે હું આપના ધામમાં થઈને જઈશ.''

બ્રહ્માજી વગેરે દેવો ગયા પછી દ્વારકામાં અપશુકન થવા લાગ્યા. યદુવંશીઓમાં જે વૃદ્ધ હતા તે શ્રીકૃષ્ણ પાસે આવ્યા. શ્રીકૃષ્ણે તેમને પ્રભાસ ક્ષેત્રમાં જવા કહ્યું. યદુવંશીઓ યાત્રાની તૈયારી કરવા લાગ્યા. ઉદ્ધવજીએ આ જોયું. તેઓ શ્રીકૃષ્ણ પાસે આવ્યા અને કહ્યું, ''આપ ઈચ્છત તો શાપ દૂર કરી શક્યા હોત પણ આપે તે કર્યું નહીં. એથી અવશ્ય આપ યદુવંશનો સંહાર કરી આ લોકનો પરિત્યાગ કરશો. આપ મને આપના ધામમાં લઈ જાવ. આપ અમારા પ્રિયતમ છો, અમારી આત્મા છો. આ સ્થિતિમાં અમે આપને કઈ રીતે છોડી શકીએ ! અમને માયાનો ડર નથી. તમારા વિયોગનો ડર છે. આપ અમને છોડો નહીં પણ સાથે લઈ જાવ.''

શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને કહ્યું, ''તેં જે વિચાર્યું છે તે જ હું કરવાનો છું. યદુવંશીઓ પરસ્પર લડી નષ્ટ થશે. આજથી સાતમા દિવસે સમુદ્ર સમૃદ્ધ દ્વારકાને ડૂબાડી દેશે. જે દિવસે હું મૃત્યુ લોકનો ત્યાગ કરીશ તે દિવસથી પૃથ્વી પર કલિયુગની બોલબાલા થશે.''

ઉદ્ધવજીની જ્ઞાન પ્રાપ્તિની વિનંતી હતી. શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને સંન્યાસનો ઉપદેશ, દત્તાત્રેયજી તથા રાજા યદુનો સંવાદ સંભળાવ્યો. લૌકિક તથા પારલૌકિક ભોગોની અસારતાનું નિરૂપણ કર્યું. બદ્ધ, મુક્ત અને ભક્તોના લક્ષણો કહ્યા. સત્સંગનો મહિમા કહી કર્મ અને કર્મત્યાગની વિધિ કહી. હંસ રૂપથી સનકાદિકોને કરેલા ઉપેદશનું વર્ણન કર્યું. ભક્તિયોગનો મહિમા કહ્યો. ધ્યાન વિધિનું વર્ણન કર્યું. જુદી જુદી સિદ્ધિઓના નામ તથા લક્ષણ કહ્યા. ભગવાનની વિભૂતિઓનું વર્ણન કર્યું. વાનપ્રસ્થ અને સંન્યાસના ધર્મો કહ્યા. ભક્તિ, જ્ઞાન અને યમ્-નિયમ વગેરેના સાધનોનું વર્ણન કર્યું. જ્ઞાન યોગ, કર્મયોગ અને ભક્તિયોગ કહ્યા. ગુણદોષ વ્યવસ્થાનું સ્વરૂપ અને રહસ્ય કહ્યું. તત્વોની સંખ્યા અને પુરુષ-પ્રકૃતિ વિશે કહ્યું. સાંખ્ય યોગ કહ્યો. ત્રણ ગુણોની વૃત્તિઓનું નિરૂપણ કર્યું. પુરુરવાના વૈરાગ્યની કથા કહી. ક્રિયા યોગનું વર્ણન કર્યું. પરમાર્થનું નિરૂપણ કર્યું. ભાગવત ધર્મોનું નિરૂપણ કર્યું.

અંતે શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને બદરિકાશ્રમ જવા માટે આજ્ઞા કરી. પ્રભુના સ્વરૂપ, જ્ઞાન અને અનુભવમાં પચ્યા રહેવાનું કહ્યું. આપેલી શિક્ષાનો એકાંતમાં વિચાર કરતા રહેવાનું કહ્યું. આમ કરવાથી કૃષ્ણ (મારા)ના પરમાર્થ સ્વરૂપમાં મળી જવાશે તેમ સમજાવ્યું.

દ્વારકામાં થતા અપશુકન જોઈ શ્રીકૃષ્ણે યદુવંશિયોને કહ્યું કે, સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો શંખોદ્ધાર ક્ષેત્રમાં જાય. આપણે બધા પ્રભાસ ક્ષેત્રમાં જઈશું. યદુવંશીઓ પ્રભાત ક્ષેત્રમાં આવ્યા. મંગળ કાર્યો કર્યાં પછી મૈરેય નામની મદિરાનું પાન કર્યું. તેથી તેઓ ઉન્મત્ત અને ઘમંડી બન્યા. પરસ્પર લડવા ઝઘડવા લાગ્યા. લડતાં લડતાં બધા બાણ સમાપ્ત થયા. શસ્ત્રો નષ્ટ થયા. સમુદ્ર તટે થયેલા એરકા નામના ઘાસને ઉખાડવા લાગ્યા. ઋષિઓના શ્રાપથી થયેલ મુસળના ભૂકાથી આ ઘાસ થઈ હતી. હાથમાં આવતાં ઘાસ વજ્ર જેવી થઈ ગઈ. હવે તેનાથી લડવા લાગ્યા. શ્રીકૃષ્ણની વાત પણ માની નહીં. યદુવંશીઓનો સંહાર થઈ ગયો.

બળદેવજીએ પોતાનું મનુષ્ય શરીર સમુદ્ર તટે છોડી દીધું. આ જોઈ શ્રીકૃષ્ણ એક પીપળાના વૃક્ષ નીચે જઈ ધરતી પર બેસી ગયા. ચતુર્ભુજ રૂપે ધારણ કર્યું. દક્ષિણ ઊરુ પર કમલ જેવું લાલ વામ ચરણ પધરાવ્યું. જરા નામના શિકારીએ પ્રભુના ચરણને હરણ સમજી બાણ માર્યું. મૂસલના વધેલા ટુકડામાંથી તેણે આ બાણોની ફણા બનાવેલ.

આ વખતે કૃષ્ણના રથનો સારથી દારૂક ત્યાં આવ્યો. કૃષ્ણે તેને દ્વારકા જવા કહ્યું. ત્યાં જઈ યદુવંશિયોના સંહાર, બલરામની પરમ ગતિ તથા શ્રીકૃષ્ણના સ્વધામ ગમનની વાત કરવા કહ્યું.

ભગવાને દ્વારકામાં ઉદ્ધવજીને બદરિકાશ્રમ જવાની આજ્ઞા કરી પણ તે પ્રભાસમાં થઈને જાય તેમ હૃદયનો આશય હતો. આમ જાણી ઉદ્ધવજી બદરિકાશ્રમમાં જતાં પહેલા પ્રભાસમાં આવ્યા. અહીં શ્રીકૃષ્ણને સ્વરૂપ સ્થિત જોયા. શ્રીકૃષ્ણની નજીક આવ્યા. તે વખતે મૈત્રેય મુનિ પણ પ્રભુ પ્રેરણાથી ત્યાં

આવ્યા. ભગવાને તે બંનેને જ્ઞાન દીધું. શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને પરમ જ્ઞાન (ભાગવત) કહ્યું. અહીંથી ઉદ્ધવજી બદરિકાશ્રમ જવા નીકળ્યા. રસ્તામાં યમુનાજીના તટે વિદૂરજી મળ્યા.

પાંચ વર્ષની વયથી સેવા કરતાં ઉદ્ધવજી હવે વૃદ્ધ થયા હતા. વિદૂરજીએ તેમને ત્રણ પ્રકારના પ્રશ્નો કર્યા - (૧) ભગવાનના કુશળ સંબંધી, (૨) સામાન્ય સર્વજનોના કુશળને બહાને ભગવાનના જ કુશલ સંબંધી, (૩) ભગવાનના ચરિત્ર સંબંધી.

કૃષ્ણ સંબંધી પ્રશ્નો સાંભળી ઉદ્ધવજીને પ્રભુના ચરણકમલોનું સ્મરણ થઈ ગયું. તેમનું ચિત્ત વિહરથી વ્યાકુલ થઈ ગયું. આ પરિસ્થિતિમાં તે કઈ રીતે ઉત્તર આપી શકે ? ઉદ્ધવજી શ્રીકૃષ્ણના ચરણારવિંદ મકરંદ સુધાથી પ્લાવિત થયા. બે ઘડી સુધી કંઈ બોલી શક્યા નહીં. તીવ્ર ભક્તિયોગથી તેમાં ડૂબી ગયા. આનંદ મગ્ન થઈ ગયા. તેમના સમગ્ર શરીરમાં રોમાંચ થયો. બંધ થયેલી આંખોમાંથી પ્રેમના આંસુઓની ધાર વહેવા લાગી. ઉદ્ધવજીને આ રીતે પ્રેમ પ્રવાહમાં ડૂબેલા વિદૂરજીએ જોયા. તે પોતાની જાતને કૃતાર્થ ગણવા લાગ્યા. ઉદ્ધવજી તે પરિસ્થિતમાં ભગવાનના પ્રેમધામમાં પહોંચી ગયા હતા. ધીરે ધીરે તે સંસારમાં આવ્યા. પોતાના નેત્રોને લૂછ્યા. વિદૂરજી તો વિસ્મિત થઈ ગયા હતા. ઉદ્ધવજીએ હવે તેમને પૂછેલા પ્રશ્નોના જવાબ આપ્યા અને મૈત્રેય મૂનિ હવે તેમને જ્ઞાન આપશે તવું શ્રીકૃષ્ણે કહેલું તેમને જણાવ્યું.

અહીંથી ઉદ્ધવજી શ્રીકૃષ્ણ આજ્ઞા મુજબ બદરિકાશ્રમ ગયા. અહીં પ્રભુના સ્વરૂપ જ્ઞાનમાં રચ્યા પચ્યા રહ્યા. પ્રભુએ આપેલી શિક્ષાનો એકાંતમાં વિચાર કરવા લાગ્યા. આ રીતે તે શ્રીકૃષ્ણના પરમાર્થ સ્વરૂપમાં મળી ગયા.

।। શ્રી વલ્લભ ।।

ઉદ્ધવ ગીત

(પૂર્વ કથા)

ઉદ્ધવજી વૃષ્ણિ વંશમાં જનમ્યા છે. આ વંશના તેઓ પ્રધાન પુરુષ છે. તેઓ અત્યંત બુદ્ધિમાન છે. બૃહસ્પતિજીના શિષ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણના તેઓ પ્રિય સખા છે, મંત્રી પણ છે. ઉદ્ધવજી શ્રીકૃષ્ણના પ્રિય ભક્ત છે. એકાંત પ્રેમી છે. સૌમ્ય સ્વભાવ છે.

શ્રીકૃષ્ણની ઉદ્ધવજીને આજ્ઞા

એકવાર શ્રીકૃષ્ણે ઉદ્ધવજીનો હાથ પોતાના હાથમાં લીધો. પ્રિયતાની આ જ તો નિશાની છે. શ્રીકૃષ્ણે હવે કહ્યું કે, ''ઉદ્ધવ તમે વ્રજમાં જાઓ. વ્રજમાં મારા પિતા-માતા છે તેમને મળો અને તે બંનેને આનંદિત કરો. ગોપીજનોને પણ મારો વિરહ છે. વિરહનો વ્યાધિ તેમને લાગ્યો છે. આનાથી તેઓ દુઃખી થઈ રહ્યા છે. મારો સંદેશ તેમને સંભળાવજો અને તે દ્વારા તેમને વિરહ જ્વરની વેદનાથી મુક્ત કરો.''

ગોપીજનો વિષે શ્રીકૃષ્ણ જણાવે છે કે, ''ગોપીજનોનું મન નિત્ય - નિરંતર મારામાં લાગી રહે છે. તેમનું જીવન, તેમના પ્રાણ અરે ! સર્વસ્વ હું જ છું. મારા માટે એઓએ પોતાના પતિ-પુત્ર વગેરે બધા જ સગા-સંબંધીઓને છોડી દીધા છે. તેઓનો હું પ્રિય છું. પ્રિયતમ છુ, મને તેઓ તેમનો આત્મા માને છે અને મારા માટે જે લૌકિક અને પારલૌકિક ધર્મો છોડી દે છે તેમનું ભરણ પોષણ હું સ્વયં કરું છું. આ મારું વ્રત છે.

હું વ્રજથી અહીં આવ્યો તેથી તેઓ મને દૂરસ્થ માને છે. મારું સ્મરણ કરી અત્યંત મોહિત થઈ જાય છે. વારંવાર મૂર્છિત થઈ જાય છે. પ્રતિક્ષણ મારી ઉત્કંઠા પૂર્વક રાહ જુએ છે. વિરહ વ્યથાથી વિહ્વલ થઈ જાય છે. આ સમયે ખૂબ જ કષ્ટ અને પ્રયત્નથી પોતાના પ્રાણોને સાચવી રાખે છે.''

શ્રીકૃષ્ણે વ્રજમાંથી પધારતાં શ્રીગોપીજનોને કહ્યું છે, ''હું આવીશ''. આ વચનામૃત જ તેમના જીવનનો આધાર બની ગયું હતું. તેઓ નિત્ય નિરંતર શ્રીકૃષ્ણમાં જ તન્મય રહે છે.

શ્રીગોપીજનો મૂલતઃ તો શ્રુતિ અને ઋષિ છે. ભગવાને જ તેમને ગોપીરૂપે પ્રકટ કર્યા છે. પ્રભુને તેમના રસાત્મક સ્વરૂપાનંદનું ગાન તેમની પાસે કરાવવું છે. આથી ભગવાન નંદગૃહમાં પ્રકટ થયા અને આ સૌ ગોપી રૂપે પ્રકટ થયા.

શ્રુતિ અને ઋષિને પ્રભુવાક્યમાં વિશ્વાસ હોય - આથી જ ‘‘હું આવીશ’’ એવા પ્રભુના સંદેશાથી આશાએ જ જીવે છે. આવા શ્રીગોપીજનોને પોતાના ગણવામાં શ્રીકૃષ્ણ ગૌરવ અનુભવે છે.

આ રીતે સ્ત્રી-પુરુષના સત્સંગમાં પણ શ્રીકૃષ્ણે ઉદ્ધવને નિશ્ચિત બનાવ્યા. ભગવાનના જ જે બની જાય તે ભગવદીય કહેવાય. ભગવદીયનું મન ભટકે નહિ. ભગવાન સિવાય તે બીજું કંઈ ઈચ્છે પણ નહિ. ઉદ્ધવજીને આ રીતે ભક્ત ગોપીજનોનું સ્વરૂપ કૃપા કરી સમજાવ્યું. આથી હવે ઉદ્ધવજીને શ્રીગોપીજનમાં ભગવત્સ્વરૂપનું જ દર્શન આથી થાય. આવું સ્વરૂપ સમજાય તો શ્રીકૃષ્ણનો સંદેશ આપી શકાય.

ઉદ્ધવજીનું વ્રજ (નંદગામ)માં આગમન

ઉદ્ધવજીએ સ્વામીનો સંદેશ લીધો. દાસને આજ્ઞાપાલનમાં કશું વિચારવાનું ન હોય. સ્વામીના સંદેશ સાથે તેઓ રથપર સવાર થયા અને નંદગામ જવા ચાલી નીકળ્યા. સૂર્યાસ્ત સમયે નંદબાબાના વ્રજમાં પહોંચ્યા. તે સમયે ગાયો વનમાંથી પાછી આવી રહી હતી. તેમની ખરીઓના આઘાત ભૂમિ પર થતા હતા આથી ધૂળ ઉડતી હતી. આ ધૂળથી ઉદ્ધવજીનો રથ ઢંકાઈ ગયો.

વ્રજભૂમિમાં તે વખતે સાંઢ આપસમાં લડતા હતા. તેમની ગર્જનાથી વ્રજ ગૂંજી રહ્યું હતું. કેટલીક ગાયો થોડા દિવસ પહેલાં જ વિવાઈ હતી. આથી તેમના આંચળ ભરાવદાર હતા. તે પોતાના વાછરડાઓ તરફ દોડી રહી હતી. સફેદ વાછરડા અહીં-તહીં ઉછળતા હતા, કૂદતા હતા. ગાય દોહવાનો ઘર... ઘર... અવાજ આવતો હતો. તેમાં વાંસળીના મધુર સ્વરો મળી જતા હતા. આથી વ્રજ શોભી રહ્યું હતું. ગોપીજનો અને ગોવાળોએ સુંદર વસ્ત્રો પરિધાન કર્યા હતા. ઘરેણાઓ પણ ધર્યા હતા. બધા મળીને શ્રીકૃષ્ણ તથા બળરામજીના મંગલ ચરિત્રોનું ગાન કરતા હતા. આથી વ્રજની શોભા ઓર વધી ગઈ. ગોપોના ઘરમાં અગ્નિ, સૂર્ય, અતિથિ, ગાય, બ્રાહ્મણ, દેવતા તથા પિતરોની પૂજા થઈ ગઈ હતી. ધૂપની સુગંધ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. દિવાઓ જગમગી રહ્યા હતા. ઘરોને પુષ્પોથી સજાવ્યા હતા. આ ઘરો સમગ્ર વ્રજને મનોરમ બનાવતા હતા. ચારે બાજુ વનની

વનસ્પતિઓમાં ફૂલો ખિલ્યા હતા. પક્ષીનો અવાજ તથા ભ્રમરોનો ગુંજારવ થઈ રહ્યો હતો. જલ અને સ્થલ બંને કમલોના વનથી શોભતા હતા. હંસ, બતક વગેરે પક્ષી વનમાં વિહરતા હતા.

શ્રીમહાપ્રભુજી આ સમયના વ્રજ માટે સુંદર આજ્ઞા કરે છે. સંધ્યા સમયે ઉદ્ધવજી ગોકુલમાં આવ્યા. પ્રભુ અહીં પ્રત્યક્ષ બિરાજતા નથી. વ્રજની શોભા તો નંદનંદનથી છે. ''જયતિતેધિકં જન્મના વ્રજઃ....''. આજે પ્રભુ નથી - પ્રભુ વગરના વ્રજમાં ઐશ્વર્ય વગરના પાંચ ગુણો દેખાયા. પ્રભુના છ ગુણો છે. પ્રભુ બિરાજતા ત્યારે વ્રજ પણ છ ગુણ સંપન્ન રહેતું. આજે પ્રભુ વગર ઐશ્વર્ય ગુણ નથી. ઐશ્વર્ય ગુણ બહાર નથી. ઐશ્વર્ય ગુણ હાલમાં ભક્ત હૃદયમાં છે. ભક્ત હૃદયમાં સર્વલીલાઓનું પ્રાકટ્ય થઈ રહ્યું છે.

વૃષભ (સાંઢ) નાદ કરતા હતા. સુંદર શ્વેત વાછરડાં કૂદતાં હતા. નવપ્રસૂતા ગાય તેમનાં વાછરડાં ન દેખાતાં આમ તેમ દોડતી હતી. આ 'વીર્યગુણ' થયો.

ક્યાંક વીણા - શિંગડી વાગતા હતા. આ 'શ્રી' ગુણ થયો.

ગોપીજનો રામ-કૃષ્ણનાં મંગલ ગાન કરતાં હતાં. આ 'યશ' ગુણ છે. વ્રજની દિવ્ય શોભા છે. અગ્નિહોત્ર, સંધ્યા વંદન, પિતર-દેવાદિનાં અર્ચન થતાં હતાં. આ શ્રૌત - સ્માર્ત ધર્મો છે.

ધૂપ દીપ થતાં હતાં. પુષ્પો શોભતા હતા. આ તાંત્રિક ધર્મ છે. આ પ્રકારના ધર્મથી 'જ્ઞાન' ગુણ સમજાય છે.

સુંદર પુષ્પિત વન છે. તે ઉદ્વેગવાળાને ઘરથી અધિક સુખ આપે છે. ભમરા ગુંજે છે. જલાશયમાં કમલ ખીલ્યાં છે. હંસાદિ અવાજ કરે છે - આ 'વૈરાગ્ય' ગુણ છે.

ઉદ્ધવજી અને નંદબાબાનું મિલન

ઉદ્ધવજી શ્રીકૃષ્ણના પ્રિય અનુચર બનીને વ્રજમાં આવ્યા છે. તેમને મળીને નંદબાબા ખૂબ જ પ્રસન્ન થયા. તેમણે ઉદ્ધવજીને ગળે લગાવ્યા. જાણે કે ભગવાન શ્રીકૃષ્ણ આવ્યા હોય તેવું જ સન્માન કર્યું. જેની જેમાં શ્રદ્ધા હોય તેને તે તદ્રૂપ ગણાય. આથી જ ભક્ત ઉદ્ધવ પધાર્યા તે તો પ્રભુ પધાર્યા જ ગણાય.

નંદબાવાએ તેમને ભોજન કરાવ્યું, ઉદ્ધવજી આરામથી પલંગ પર બેઠા - સેવકોએ તેમના પગ દબાવ્યા. પંખા નાખ્યાં. આ રીતે ઉદ્ધવજીનો થાક દૂર થયો.

નંદાબાવા હવે ઉદ્ધવજીને વસુદેવજી તથા આત્મીય સ્વજનોના કુશળ મંગલ પૂછે છે. કંસ અને તેમના અનુયાયીઓ મરાયા તેને સૌભાગ્યની વાત કહે છે.

નંદબાવા હવે શ્રીકૃષ્ણ સંબંધી પ્રશ્ન પૂછે છે, ''શ્રીકૃષ્ણ અમને બધાને ક્યારેક પણ યાદ કરે છે ? તેની મા, સ્વજન સંબંધી, સખા, ગોપ, વ્રજ, ગાયો, વૃંદાવન અને ગિરિરાજીનું સ્મરણ કરે છે ? અમારા ગોવિંદ અમને બધાને જોવા માટે એકવાર પણ અહીં આવશે ?''

શ્રીકૃષ્ણના ઉપકારોનું નંદબાબા સ્મરણ કરતાં કહેવા લાગ્યા, ''શ્રીકૃષ્ણનું હૃદય ઉદાર છે. તેમની શક્તિ અનંત છે તેમણે અમને દાવાનલ, આંધી, વરસાદ, વૃષાસુર અને અજગર વગેરે મૃત્યુના નિમિત્તોથી અમને અનેકવાર બચાવ્યા છે. અમારી રક્ષા કરી છે. શ્રીકૃષ્ણનું ચરિત્ર અદ્‌ભૂત છે. તેમની તિરછી દૃષ્ટિ છે. મુક્ત હાસ્ય છે. એમનું મધુર સંભાષણ છે. આ બધું યાદ કરી અમે તેમાં તન્મય થઈ જઈએ છીએ. આ તન્મયતાને લીધે હવે અમે કોઈ કાર્ય કરી શકતા નથી.''

નંદબાબા શ્રીકૃષ્ણની જલક્રીડા, શ્રીગિરિરાજ એક હાથે ઉઠાવવાની લીલા, વન પ્રદેશમાં વાંસળી વગાડતાં ગાયોને ચરાવવાની લીલા અને સખાઓ સાથે ખેલવાની લીલાઓનું સ્મરણ કરે છે. ઉદ્ધવજીને કહે છે, ''આજે પણ શ્રીકૃષ્ણના ચરણચિહ્‌નો આ સ્થળોએ છે. તે જોઈને અમારું મન કૃષ્ણમય થઈ જાય છે.''

રમત માત્રમાં શ્રીકૃષ્ણે પ્રલંબ, ધેનુક, અરિષ્ટ, તૃણાવર્ત, બકાસુર વગેરે દૈત્યોને મારી નાખ્યા હતા તેનું સ્મરણ પણ નંદબાબાએ કર્યું. મથુરામાં પણ શ્રીકૃષ્ણે કરેલા વીર્યના કાર્યોને પણ યાદ કર્યા.

શ્રીકૃષ્ણની લીલાઓનું સ્મરણ નંદબાબા એ કર્યું. તેમનામાં પ્રેમ છલકાયો. તે વિહ્‌વળ થયા. શ્રીકૃષ્ણને મળવાની અત્યંત ઉત્કણ્ઠા થઈ. તેમનું ગળું રુંધાયું. તે ચૂપ થઈ ગયા. યશોદા માઁ શ્રીકૃષ્ણની લીલા સાંભળતા હતા. તેમનામાં પણ પુત્ર સ્નેહ ઉભરાયો. તેમના સ્તનોમાંથી દૂધની ધારા વહેવા લાગી. આંખમાંથી આંસુ વહેવા લાગ્યા.

ઉદ્ધવજીએ નંદ-યશોદામાં શ્રીકૃષ્ણ પ્રત્યે અગાધ અનુરાગ જોયો. તેઓ આનંદમય થયા. નંદ-યશોદાજીને શ્રીકૃષ્ણનો વિયોગ છે. વિયોગ અગ્નિ જેવો છે. અગ્નિ, અગ્નિ સિવાયની બધી ચીજો બાળે છે. આથી નંદ-યશોદા જેવા ભક્તોના દેહાદિ અન્યથા થાય. શ્રીકૃષ્ણ આવું ઈચ્છતા નથી. તેથી સંયોગાત્મક ધર્મિરૂપ ઉદ્ધવજીને મોકલ્યા છે. ઉદ્ધવજી આ બંનેને પ્રિય શ્રીકૃષ્ણે મોકલેલ સંદેશ - ઉપદેશ કહે છે.

ઉદ્ધવજી કહે છે, ''બલરામ અને શ્રીકૃષ્ણ પુરાણ પુરુષ છે. તે જગતના ઉપાદાન તથા નિમિત્ત કારણ છે. આ બંને સમસ્ત શરીરોમાં પ્રવેશી જીવનદાન આપે છે. જીવનું નિયમન કરે છે. મૃત્યુ સમયે મનુષ્ય તેનું મન એક ક્ષણ પણ પ્રભુમાં લગાડે તો તે પરમગતિ પામે છે. ભક્તોની અભિલાષા પૂર્ણ કરવા ભગવાન મનુષ્ય જેવુ શરીર ગ્રહણ કરી પ્રકટ થાય છે. ભગવાન થોડા જ દિવસોમાં વ્રજમાં આવશે અને આપને આનંદિત કરશે. લાકડામાં અગ્નિ હંમેશા વ્યાપક રૂપથી રહે છે. આ પ્રમાણે પ્રભુ બધા જીવોના હૃદયમાં બિરાજીને રહે છે. તેમને કોઈ પ્રિય નથી કે કોઈ અપ્રિય નથી. તેમની દૃષ્ટિમાં કોઈ ઉત્તમ નથી તો કોઈ અધમ નથી. એમને નથી કોઈ માતા કે નથી કોઈ પિતા ન તો પત્ની છે કે નથી પુત્ર. તેમને પોતાનું કે પરાયું કોઈ નથી. તેમને દેહ અને જન્મ પણ નથી. આ લોકમાં તેમનું કોઈ કર્મ નથી. છતાં સાધુ પુરુષોની રક્ષા માટે જુદી જુદી યોનિમાં શરીર ધારણ કરે છે. ભગવાન અજન્મા છે. પ્રકૃતિનો એક પણ ગુણ તેમનામાં નથી. ગુણાતીત હોવા છતાં લીલા માટે ગુણોનો સ્વીકાર કરે છે અને તે દ્વારા જગતની રચના, પાલન અને સંહાર કરે છે. ચિત્તમાં અહંબુદ્ધિ આવવાથી જીવ પોતાને કર્તા સમજે છે. ભગવાન શ્રીકૃષ્ણ સમસ્ત જીવોના આત્મા, પુત્ર, પિતા-માતા અને સ્વામી છે. કોઈપણ વસ્તુ ભગવાન શ્રીકૃષ્ણથી અલગ નથી. શ્રીકૃષ્ણથી અતિરિક્ત કોઈ વસ્તુ નથી. વાસ્તવમાં બધુ તે જ છે. તે જ પરમાર્થ સત્ય છે.

ઉદ્ધરજી અને નંદબાબા આપસમાં વાત કરતા રહ્યા. રાત વીતી ગઈ. થોડી રાત બાકી હતી તે વખતે ગોપીજનો ઉઠ્યા, દીપક પ્રકટાવ્યા અને ઘરના ઉંબરા પર વાસ્તુદેવનું પૂજન કર્યું. ઘરને વાળીને સાફ કર્યું. દહીં મથવા લાગ્યા. દોરી ખેંચતી વખતે તેમના કંગનો શોભતા હતા. ગળાના હાર હાલતા હતા. કાનના કુંડળો પણ હાલતા હતા. આથી ગાલોની લાલિમાં વધી જતી હતી. તેમના આભૂષણો ઝગમગી રહ્યા હતા. દહીંનું મંથન કરતાં કરતાં તેઓ શ્રીકૃષ્ણના મંગલમય ચરિત્રોનું ગાન કરતા હતા.

શ્રી હરિરાયજી 'નિત્યલીલા'માં આ વર્ણન કરે છે.
પ્રાત સમૈ ઉઠી બ્રજબાલા, ગાવતિ મંગલ ગીત રસાલા
કરિ સિંગાર મથનિયાં ધોવે, અપનો અપનો દહ્યો બિલોવે
મથન કરેં મોહન જસ ગાવે, સુમિરિ સુમિરિ હરિગુન સચુ પાવે.

તેઓનું આ સંગીત દહીં વલોવાના ધ્વની સાથે મળી જતું હતું. તેથી તે અદ્‌ભૂત લાગતું હતું. આ ધ્વનિ સ્વર્ગલોક સુધી પહોંચી ગયો. તેની સ્વર લહેરી ચારે બાજુ ફેલાઈ ગઈ. તેનાથી દિશાઓ મંગલ થઈ ગઈ.

ઉદ્ધવજી અને ગોપીજનોનું મિલન

સવાર થયું. ભગવાન સૂર્યનો ઉદય થયો. સૂર્ય પ્રકાશમાં વ્રજાંગનાઓએ નંદબાબાના દરવાજા પર એક સોનાનો રથ જોયો. તેઓ આથી આપસમાં વાત કરવા લાગ્યા ''આ રથ કોનો છે ?'' એક ગોપીજને કહ્યું, ''કમલનયન પ્યારા શ્યામ સુંદરને અક્રૂર અહીંથી મથુરા લઈ ગયો હતો. તેતો ફરી નથી આવ્યો ? બીજા ગોપીજને કહ્યું, ''હવે તે આપણાને લઈ જઈ મરેલા કંસનું પિંડદાન કરશે ? હવે અહીં આવવાનું તેનું પ્રયોજન શું હોઈ શકે ?''

વ્રજના સ્ત્રીઓ આ પ્રકારે આપસમાં વાતચીત કરતા હતા. નિત્યકર્મથી પરવારી ઉદ્ધવજી તે જ વખતે ત્યાં આવ્યા - ઉદ્ધવજીની આકૃતિ અને વેષભૂષા શ્રીકૃષ્ણાને મળતી હતી. તે આજાનબાહુ હતા. તેમના નેત્રો કમલદલ જેવા કોમળ હતા. શરીર પર પિતાંબર ધારણ કર્યું હતું. ગળામાં કમળ પુષ્પોની માળા હતી. કાનોમાં મણિ જડેલા કુંડલ પ્રકાશી રહ્યા હતા. મુખારવિંદ અત્યંત પ્રફુલ્લિત હતું.

ગોપીજનોના મુખ પર પવિત્ર મુસ્કાન હતી. એક બીજી સાથે વાત કરતાં તેઓ કહેવા લાગ્યા ''આ પુરુષ દેખાવમાં તો સુંદર છે પણ આ છે કોણ ? ક્યાંથી આવ્યો છે ? કોનો દૂત છે ? તેણે શ્રીકૃષ્ણ જેવી વેષભૂષા કેમ ધારણ કરી છે ? બધી વ્રજ સ્ત્રીઓ ઉદ્ધવજીનો પરિચય પ્રાપ્ત કરવા ઉત્સુક થઈ ગયા. ઉદ્ધવજીને ઘેરી વળ્યા. તેમને જાણ્યું કે આ ઉદ્ધવજી છે. ભગવાન શ્રીકૃષ્ણાનો સંદેશ લઈને આવ્યા છે. આ જાણી વ્રજાંગનાઓ વિનયથી ઝુક્યા. મુખ પર લજ્જાયુક્ત હાસ્ય આવ્યું, નેત્રો અને મધુર વાણીથી ઉદ્ધવજીનો સત્કાર કર્યો. એકાંતમાં આસન પર બેસાડ્યા.

ગોપીજનોના મન, વાણી અને શરીર શ્રીકૃષ્ણામાં જ તલ્લીન હતા. શ્રીકૃષ્ણના દૂત ઉદ્ધવજી આગળ કઈ રીતે અને કેવી વાત કહેવી તે ભૂલી ગયા. તેઓ કહેવા લાગ્યા, ''અમને ખબર છે કે તમે યદુનાથના પાર્ષદ છો. તેમનો જ સંદેશો લઈને

અહીં પધાર્યા છે. આપના સ્વામીએ તેમના માતા-પિતાને સુખ આપવા જ આપને અહીં મોકલ્યા છે. અમને તો આ નંદગામમાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરવા યોગ્ય કોઈ પણ વસ્તુ દેખાતી નથી.''

માતા-પિતા અને સગા સંબંધીઓના સ્નેહબંધન માટે ગોપીજનો કહે છે કે મોટા મોટા ઋષિ મુનિઓ પણ આ બંધન ખૂબ કઠીનાઈથી જ છોડી શકે છે. માતા-પિતા સિવાયના બીજાઓ સાથે પ્રેમ સંબંધનો અભિનય હોય છે. તે કોઈકના કોઈક સ્વાર્થ માટે જ હોય છે. શ્રીગોપીજનો આવા સ્વાર્થી સંબંધના ઉદાહરણો આપે છે.

શ્રીગોપીજનોએ આપેલા સ્વાર્થી સંબંધના દષ્ટાંતો

''ભમરાનો પુષ્પોથી અને પુરુષોનો સ્ત્રીઓ સાથે આવો જ સ્વાર્થનો સંબંધ હોય છે. વ્યભિચારીણી સ્ત્રી જુએ કે તેની પાસે આવનાર વ્યક્તિ નિર્ધન થઈ ગયો છે ત્યારે તે તેને દરવાજો બતાવી દે છે. પ્રજા જુએ કે રાજા હવે રક્ષા નથી કરતો ત્યારે તે રાજાનો સાથ છોડી દે છે. શિષ્યો અધ્યયન સમાપ્ત કરી આચાર્યોની સેવા કરવાને બદલે તેમને છોડીને ચાલ્યા જાય છે.યજ્ઞની દક્ષિણા લઈને ઋત્વિજો ત્યાંથી તરત ચાલવા લાગે છે. વૃક્ષો પર ફળ નથી રહેતા ત્યારે પક્ષીઓ ત્યાંથી ઉડી જાય છે. ભોજન કરીને અતિથિ પણ ફરી ગૃહસ્થની સામે જોતા નથી. વનમાં આગ લગતાં જ પશુઓ ભાગવા માંડે છે. જાર પુરુષ પોતાનું કાર્ય થઈ જાય પછી અનુરાગ હૃદયવાળી સ્ત્રીની સામે ફરીને જોતો નથી.''

શ્રીગોપીજનો હવે શ્રીકૃષ્ણના બાળપણથી કિશોરવસ્થા સુધીની જેટલી લીલાઓ હતી તે બધી યાદ કરી તેનું ગાન કરવા લાગી. તેઓ સ્ત્રી સુલભ લજ્જાને પણ ભૂલી ગઈ અને છૂટા મોંઢે રડવા લાગી - (વિશ્વનાથ જાની કૃત પ્રેમ પચીશીમાંથી સાભાર)

અમો પ્રીત પ્રીછી પુરુષોત્તમ, ઘણી જાણી અમારી દાઝ
મરતાં ને શું મારો ? ભાઈ, પોતે કરે છે રાજ (૧)

કુળ મરજાદા મૂકી મળિયાં, તે લોક દે છે મેહેણાં
લજ્જા સુખ અમો ખોઈને બેઠાં, વળી રોઈને ખોયાં નયણાં (૨)
દુઃખે મૌન લીધું અમે, ઉદ્ધવ ! હરિધન બેઠાં વળાવી
અક્રૂરે અમને જોગણ કીધાં, ગયો પાપી ભસ્મ ચોળાવી -

શ્રીકૃષ્ણ તો નિર્દોષ છે. શ્રીગોપીજનોના પ્રિય છે. ક્લેશવશાત્ સ્વભાવના પ્રભાવે તેઓ શ્રીકૃષ્ણમાં દોષારોપણ કરે છે. વાસ્તવમાં શ્રીગોપીજન અનન્ય કૃષ્ણાસક્ત છે. ગોપી તો સરલ છે. મુગ્ધ છે, નિર્દોષ છે. મનમાં આવ્યું તેવું કહી દીધું. હૈયે તેવું હોઠે. કપટ કે વિવેક ક્યાંથી કરે ? તે તો સર્વ છોડીને કેવલ કૃષ્ણને શરણે આવ્યા છે. ગોવિંદ તો ગોપીના સર્વ સુખદાતા છે. કૃષ્ણદૂત આવતાં લોક મર્યાદા મૂકી સત્સંગને શ્રેષ્ઠ ગણ્યો. પ્રિયનાં ગાન કરતાં ભાન ભૂલ્યાં, રડવા લાગ્યાં. શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, ''બેસવાથી કાયા, ગાનથી વાણી, અને રુદનથી તેમના અંતઃકરણનું નિવેદન થયું.'' અરે સંકોચ ન રહ્યો લજ્જા છૂટી ગઈ સ્વસર્વસ્વ રૂપ શ્યામની સ્મૃતિ થઈ.

ગોપીજનો પાસે ઉદ્ધવજીને મોકલવાનું પ્રયોજન

પુષ્ટિ ભક્ત શ્રીગોપીજનોનો ભગવદ્ ભાવ નિત્ય છે. ભગવાને તેમની પાસે જ્ઞાની ભક્ત ઉદ્ધવજીને અનેક પ્રયોજનથી મોકલ્યા છે.

(૧) ઉદ્ધવજી પર પ્રભુની પરમ કૃપા છે. તેમને પૂર્ણ ભગવદ્ ભાવ યથાર્થ રીતે દેવા ઈચ્છે છે. આ ભાવ માત્ર ગોપીજનમાં જ છે. પુંભાવ હોય ત્યાં તે ન સંભવે. ઉદ્ધવજીને તેનું દર્શન દેવું છે.

(૨) ભક્તિ-જ્ઞાનના અનુસંધાનથી ગર્વ ન થાય તે રીતે સર્વોત્તમ ભક્ત (શ્રીગોપીજનો)નું દર્શન દીધું. ઉદ્ધવમાં માત્ર શીતલ ભાવ છે. અહીં તો વિયોગથી ઉષ્ણભાવે વિશેષતા છે.

(૩) વ્રજભક્તોનાં દર્શનથી અને ગોપીજનોને પ્રિય સંદેશ મળતાં ઉદ્ધવ પર પ્રિયાજીઓની કૃપા થાય તથા તેમના જેવો ભાવ મળે.

(૪) વિયોગમાં સુપાત્ર દ્વારા પ્રિય સંદેશ મળતાં પ્રિયાઓને અપૂર્વ સંતોષ થાય.

(૫) સંદેશના સ્મરણથી પ્રિયાઓનો ભાવ વધે.

(૬) જ્ઞાનથી ભક્તિ અધિક છે. ‘‘જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ - ૧૯ - સિદ્ધાંત મુક્તાવલી - શ્રીમહાપ્રભુજી ‘‘આથી જ પ્રિયાઓની ભક્તિથી ઉદ્ધવજીએ આપેલ જ્ઞાનનો ઉપદેશ દબાઈ ગયો. જ્ઞાનથી વિરહ કે ભક્તિ દબાયા નથી.

(૭) વિશ્વાસુ મિત્ર દ્વારા પ્રિયનો સંદેશ મળતાં પરસ્પર ભાવ વધે છે.

ભમરાને નિમિત્ત બનાવી ઉદ્ધવજી પર સત્સંગ દ્વારા કૃપા



આવાં ગોપીજનને ઉદ્ધવજીનો સત્સંગ હતો. ભગવાન શ્રીકૃષ્ણના મિલનની લીલાનું સ્મરણ થઈ રહ્યું હતું. ત્યાં એક મધુકર (ભ્રમર) ગુનગુનાતો આવ્યો. શ્રીગોપીજન સમજ્યા કે તેમને મનાવવા શ્રીકૃષ્ણે દૂત મોકલ્યો છે. શ્રીગોપીજનોને મનોવ્યથા ઘણી ભારે હતી. જો ઉદ્ધવજીને બધું કહે તો તેમને ખોટું લાગે. તેમના દિલને શી રીતે દુભાવાય ? તેથી ભમરાને નિમિત્ત બનાવી, ગોપીઓ તેને સંભળાવવાનું શરૂ કરે છે.

ગોપીજનો દસ પ્રકારના ગુણોના જુથોવાળા છે.

(૧) સાત્વિક સાત્વિક, (૨) રાજસ સાત્વિક, (૩) તામસ સાત્વિક, (૪) રાજસ રાજસ, (૫) સાત્વિક રાજસ, (૬) તામસ રાજસ, (૭) તામસ તામસ, (૮) સાત્વિક તામસ, (૯) રાજસ તામસ, (૧૦) નિર્ગુણ. આ દસ પ્રકારના ગુણોના જુથવાળા ગોપીજનો દસ શ્લોકમાં ભમરાના બહાના તળે ઉદ્ધવજીને ઠપકો આપી રહ્યા છે.

શ્રીકૃષ્ણે આ ભ્રમરને મોકલ્યો છે. આનાથી ઉદ્ધવજી શ્રીગોપીજનોનાં સ્વરૂપને સમજી શકે. ભગવાનની ઉદ્ધવજી પર આ કૃપા છે. આનાથી તેમને ગોપીજનો પર ઉપકાર કર્યાનો ગર્વ આવે નહીં. દસ પ્રકારના જુથવાળા ગોપીજનો દસ શ્લોકો બોલે છે. તે ‘ભ્રમરગીત’ તરીકે ઓળખાય છે. ભ્રમર, ઉદ્ધવજી અને કાલ આ ત્રણેના અર્થમાં આ કથા છે.

ભ્રમર ગીતનો ભાવ કેટલાક કવિઓએ કાવ્યમાં સુંદર રીતે ગાયો છે.

કવિ ગિરિધર કૃત એક પદ :

એવે સમયે એક ભ્રમર આવ્યો, ભમતો ગુંજારવ કરી
તે ભ્રમરને મિષ કહેતી અબલા, ઉદ્ધવને અંતર કરી. (૧)

હે મધુપ! જાને વેગળો તું દૂત ધૂરતનો થયો
તું અમારા ચરણને ન લાગીશ, કૃષ્ણ કપટીનો લહ્યો. (૨)

એ અન્ય નારીને મળ્યો, એંધાણ તેનું દરશીયું
એ અબલાને આલિંગતાં, કુચ તણું કુમ કુમ પરશીયું. (૩)

એકવાર અમને અધરામૃત, પાઈને તજીયાં અહીં
જેમ કુસુમને તું તજે, તેમ એણે ત્યજ્યાં, ફરી મલિયો નહીં. (૪)

સ્વર્ગ, મૃત્યુ, પાતાલમાં સ્ત્રી કોણ એવી સાંભળી?
જે કૂપટ સ્મિત ને કુટિલ લોચન કૃષ્ણાથી રહે વેગળી? (૫)

મસ્તક પદમા મૂક મધુકર! અમો તુજને જાણીયે!
તું દૂત-વિદ્યા ભણ્યો છું કૃષ્ણજી પરમાણીયે. (૬)

એણે નખ-ક્ષતના ઘાવ કરી, સ્મર જગાવ્યો તન સુંદરી
તે કામ પીડા ભોગવું છું, હજી લગી નથી વિસરી. (૭)

ઘંટા વગાડી પારધી જેમ હંસ હરણી ના હરે?
અરે ઉદ્ધવ! એમ અમને મારીયાં મન્મથ શરે. (૮)

દયારામભાઈ કવિનું એક પદ

એહવામાં એક મધુપુરીથી, ભ્રમર ભમતો આવિયો
તે ગુણ ગુણ શબ્દ કરે મધુરો, અડે અબળા અંગ રે.
કારણ સમજી કામિની કહે, મરમ વાચક ભૃંગને. (૧)

મધુપ! અડય મા, આધો રહે, ઈતબાર તારો ન અણિયે
તું કાળો છે તે હોઈશ કપટી, વીત્યું માટે જાણીયે. (૨)

ત્હેં બગાડયાં બહુ કમળ ભમરા પ્રીત કરી પીતલ હવો
કરી નીરસ નલિન સઘળાં ગરજ સરી ઉડી ગયો. (૩)

તારું ચંપે ચિત્ત માન્યું નહીં, પેલા એંડુસામાં મન કર્યું
ધ્યાન પ્રભુ પ્રાણ વલ્લભે, તાહારી પેઠે સહુ કર્યું. (૪)

સુંદરસુત કૃત 'ભ્રમરગીતા'માંથી

અબલા બોલે મધુરી વાણીજી, સાંભળ ભમરા ચતુર સુજાણજી
પ્રીછી તાહારી સધલી વાતજી, કૌતક કપટી તારો સ્વામીજી.
સ્વામી તાહરો અમે ભ્રમરા ! કૈતવ કપટી જાણી
એકવાર પાઈ અધૂરા અમૃત હરી લીધા પ્રાણ (૧)

ઠાકોર તાહરો ઘણો લંપટ, ગયો મથુરા માહે
નગર નારની ચાતુરી જોઈ રહ્યો મોહી ત્યાંહે (૨)

ઘર થકી ધ્રૂતારડો, કરી કપટ લીલા જાણ
નાનપણાથી નેહ બાંધ્યો લલિત કોમલ વાણ (૩)

નવીનાર દેખે ત્યાંહાં કેર, એવો લંપટ હોએ જેહ
લક્ષ્મી શું જાણી એહને, ભજે નિત્યે નેહ (૪)

એહેવાં મધુકર ! ચરિતર એનાં શું કરે તું ગાન ?
ને ઘણા કાલનો કઠણ જાણો, કપટ શ્યામલ વાન (૫)

ઉદ્ધવજી ખરેખર ''ઉત્સવ રૂપ'' છે. શ્રીમહાપ્રભુજી ''નિરોધ લક્ષણમ્''માં આજ્ઞા કરે છે ''ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્ યથા વૃન્દાવને ગોકુલેવા તથા મે મનસિ કવચિત્.'' ઉદ્ધવજી આનંદ રૂપ છે. ભક્ત છે. કૃષ્ણ તેમના સ્વામી છે. ગોપીજનોએ શ્રીકૃષ્ણના દોષો બતાવ્યા, ઉદ્ધવજીએ તેને પોતાના સ્વામીના ગુણ તરીકે માની લીધા. તેઓ માને છે કે ગોપીજનોએ પોતાના પ્રિયતમના ગુણોને આ પ્રકારે વર્ણવ્યા છે. તેમાં તેમણે દોષ ન જોયા. ઉદ્ધવજીએ જોયું કે ગોપીજનોના હૃદયમાં કૃષ્ણનાં દર્શન કરવાની લાલસા હતી. તે લાલસા સંતોષાઈ નથી તેથી તેઓ આવુ બોલી રહ્યા છે. ગોપીજનોએ પૂછ્યું છે કે ''ભગવાન

અગરૂની સુગંધીવાળો શ્રીહસ્ત ગોપીજનોના મસ્તક પર કયારે પધરાવશે ?'' ગોપીજનો આશ્વાસનને પાત્ર છે. ઉદ્ધવજીને થયું કે હવે તેમને 'પ્રિયનો સંદેશ' કહેવો જોઈએ.

ઉદ્ધવજી દ્વારા ગોપીજનોને ''પ્રિયનો સંદેશ''

ઉદ્ધવજી પ્રિય સંદેશ દેતાં પહેલાં ભવ્ય ભક્તો - શ્રી ગોપીજનોને અભિનંદન આપે છે. તેઓનો તો દોષ પણ ભગવત્કૃત છે. ભગવાનના ગુણરૂપ છે. ભગવાનના ગુણ છ છે તેથી શ્રી ઉદ્ધવજી છ શ્લોકો બોલે છે.

''આ ગોપીજનોનો ભગવાનમાં જેવો ભાવ છે તેવો ભાવ તો મારામાં પણ નથી. આ ભાવ કુદરતી છે. એક વખત ઉત્પન્ન થયો પછી નાશ પામતો નથી. ગોપીજનો કૃતાર્થ છે. તેમની ભક્તિ ફલરૂપ છે. ભગવાન સ્વતંત્ર છે. ગોપીજનો પણ સ્વતંત્ર છે. માટે બધા તેમનું સન્માન કરે છે. તેમનું મન વાસુદેવને અર્પણ થયું છે. આ એક મોટી સિદ્ધિ છે. મનનું આવું સમર્પણ કરવું કઠણ છે. (૧૦-૪૭-૨૩)''

''ભગવાનમાં મન લગાડવાથી ભક્તિ સિદ્ધ થાય છે. દાન, વ્રત, તપ, હોમ (યજ્ઞ), જપ, સ્વાધ્યાય અને બીજાં પણ અનેક સાધનો છે. તે વડે કૃષ્ણની ભક્તિ સિદ્ધ થાય છે.'' ઉદ્ધવજી વિચારે છે કે આ બધા સાધનોની શી જરૂર છે ? શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ સાધનો પ્રથમ તો પાપનો નાશ કરે છે અને પછી કૃષ્ણ ભક્તિમાં સ્નેહ ઉત્પન્ન કરે છે.

'દાન' એટલે પ્રભુ પ્રીત્યર્થે આપવું તે. 'વ્રત' એકાદશીના રોજ ફલાહાર ઉપવાસ તે. 'તપ' ચાંદ્રાયણ વગેરે વ્રતો તપ કહેવાય છે. 'હોમ' અગ્નિમાં કામના પૂર્વક આહૂતિ આપવી તે. 'સંયમ' યોગમાર્ગમાં જે યમ-નિયમો છે તે પાળીએ તે. 'સત્કર્મ' લોકો માટે કુવા ખોદવા, બગીચા બાંધવા, વિપત્તિમાં સહાયરૂપ થવું તે. આનાથી પાપનો નાશ થતાં કૃષ્ણમાં ભક્તિ થાય. કૃષ્ણમાં સ્નેહ થાય. (૧૦-૪૭-૨૪)

''સત્ય તો એ છે કે ગોપીજનોની ભક્તિ કોઈ જુદા પ્રકારની છે. ખરેખર ઉત્તમ છે. નારદ વગેરે ભક્તો ભગવાનનાં ગુણગાન કરે છે અને ફરતા જાય છે

તેમની વાણી સ્થિર છે. ગોપીજનોએ તો ભગવાનમાં મન આસક્ત કર્યું છે. તે એક વિરલ સિદ્ધિ છે. ગોપીજનોએ કરેલ ભક્તિથી ઉત્તમ ભક્તિ કોઈ નથી. આવી ભક્તિના દર્શનથી ઉદ્ધવજી કૃતાર્થ થયા છે. ભાગ્યશાળી થયા છે. દાન વગેરે સાધનોથી જે ભક્તિ થાય તે સાચી વાત નથી. બહિર્મુખો તેને ભક્તિ કહે છે. શ્રી ગોપીજનોની સર્વોત્તમ ભક્તિ તો મુનિજનોને પણ દુર્લભ છે. (૧૦-૪૭-૨૫)

''પુત્ર, પતિ, સ્વજન અને બીજાં સંસારમાં આસક્તિ કરાવે છે. અનન્ય ભક્તિમાં વિક્ષેપ કરે છે. આ સર્વમાં આસક્તિ ન રાખનાર જ ભગવાનને ભજી શકે છે. આસક્તિ વાળા પ્રભુ ભજન કરી શકતાં નથી. શ્રીગોપીજનોએ સંસારી લોકો, લોકલાજ તથા સર્વકાંઈ છોડ્યું છે. ઉત્તમ પુરુષ - પુરુષોત્તમ - કૃષ્ણને જ પસંદ કર્યા છે. સાચો પતિ એ છે કે જે નિર્ભય હોય અને ભયાતુર જનોનું રક્ષણ કરે. ગોપીજનોએ કૃષ્ણને જ પતિ તરીકે પસંદ કર્યા છે.'' - (૧૦-૪૭-૨૬)

મીરાબાઈએ આ જ ભાવના ગાઈ છે.

મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ના કોઈ
જાકે શિર મોર મુગુટ મેરો પતિ સોઈ

''મનુષ્યને પાચં કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળી છે. આ દસ ઈન્દ્રિયો વડે મનુષ્યે દસ પ્રકારના ભાવોની ભાવના કરવી જોઈએ. સંયોગ દશામાં તે થઈ શકે છે. વિરહ દશામાં તે કઠણ છે, દુર્લભ છે. ગોપીજનોએ તે પણ પ્રાપ્ત કરી છે. આ સર્વાત્મભાવ છે.ઉદ્ધવજી તે જોઈ અનુગ્રહિત થયા. ગોપીજનોનો આભાર માને છે.'' - (૧૦-૪૭-૨૭)

ઉદ્ધવજી (૧૦-૪૭-૨૮) શ્લોકમાં કહે છે ''હું સ્વામીનો રહસ્ય મંત્રી છું. આપને સુખ આપનાર, પ્રિયતમનો સંદેશો લઈને આવ્યો છું. આ સંદેશો માત્ર સાંભળવા માટે નથી પણ તે પ્રમાણે કર્તવ્ય પણ કરવું જોઈએ.

પ્રિયતમનો સંદેશો : શ્રી ભગવાન કહે છે ''ભવતીનાં વિયોગો મે નહિ સર્વાત્મના કવચિત ।

આત્મત્વાત્ ભક્તવશ્યત્વાત્ સત્યવાકત્વાત્ સ્વભાવતઃ ।। ૧૦-૪૭-૨૯

"મને કોઈપણ પ્રકારે આપનો વિયોગ નથી કારણ કે હું સર્વનો આત્મા છું. ભક્તોને વશ છું. સત્યવક્તા છું અને સ્વભાવથી જ સ્ત્રીઓ પર દયા રાખવાવાળો છું. (શ્રી સર્વોત્તમજીમાં શ્રી મહાપ્રભુજીને "સ્ત્રીશુદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ" કહ્યા છે). જ્યારે મને તમારો વિયોગ નથી તો પછી તમને મારો વિયોગ શી રીતે હોય ? જીવ બ્રહ્મથી છૂટો પડ્યો છે તે વિયોગ અજ્ઞાનને લીધે છે. દરેક જીવોમાં ભગવાનનો ચિદ્અંશ ચૈતન્ય છે. આથી તેમનામાં કોઈ ભેદ નથી. બ્રહ્મ અંશી છે, જીવ અંશ છે. આમ પરસ્પર બંને સંકળાયા છે. ભગવાન અમને છોડીને ચાલ્યા ગયા તે દોષ દેવો યોગ્ય નથી. ખરેખર તો વિયોગ છે જ નહીં. અજ્ઞાનથી આ વિયોગ માન્યો છે. તે ચાર પ્રકારનો છે. (૧) ભગવાને કરેલો (૨) ભક્ત દ્વારા થયેલો (૩) કાલ મારફતે અને (૪) દેશ દ્વારા. આ ચારે ન હોવાનો સાધન સૂચક અર્ધ શ્લોક શ્રી મહાપ્રભુજીએ પૂરો કર્યો છે. વ્યાસાશ્રમમાં આપશ્રી પધાર્યા ત્યારે આ અર્ધ શ્લોક વ્યાસજીને સંભળાવ્યો હતો. વ્યાસજી પ્રસન્ન થયા હતા.

"આત્મત્વાદ્ ભક્તવશ્યત્વાત્ સત્યવાક્ત્વાત્સ્વભાવતઃ"

ભગવાન સર્વના આત્મા છે તેથી ભગવાનનો વિયોગ ગોપીજનને નથી.

ભગવાન ભક્તવશ હોવાથી કાલભેદથી પણ વિયોગ નથી.

ન પારયેડહં (ગોપી પરિષદ) વખતે ભગવાને કહેલું વચન સત્ય હોવાથી ભક્તોના ઋણમાંથી ભગવાન છૂટી શકતા નથી.

ભગવાન વ્યાપક રૂપે સર્વત્ર બિરાજે છે. દેશકૃત ભેદથી પણ વિયોગ નથી.

વ્રજ છોડીને બીજે પધારતા નથી. સ્ત્રીઓ પર વિશેષ કૃપાયુક્ત છે. આ તેમનો સ્વભાવ છે. આમ વિયોગ નથી તેવું પૂરવાર કર્યું.

આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી પાંચ મહાભૂતો છે. પ્રાણીઓનો દેહ તેનો બનેલો છે. - પ્રાણીઓનાં મન, પ્રાણ, બુદ્ધિ, ઈન્દ્રિયો અને ગુણોનો આધાર પણ ભગવાન જ છે. ભગવાનના વિયોગમાં ભગવાન રૂપી આધાર ખસી જાય. આનાથી ગોપીજનો કઈ રીતે જીવી શકે ? અર્થાત્ ભગવાનનો વિયોગ નથી.

કોઈ કહે કે દેહથી વિયોગ છે. દેહ તો પંચ મહાભૂતનો છે. તેમાં ભગવાન બિરાજે છે. માટે વિયોગ થયો નથી. લાકડામાં અગ્નિ રહેલો છે. તે ગુપ્ત છે. જો બીજાના સંબંધથી તે પ્રકટ થાય તો લાકડાને બાળી દે છે. આ જ રીતે વિયોગમાં ભગવાનના રસસ્વરૂપની સ્ફૂર્તિ થાય છે. પણ સંયોગ થતાં જ તે રસ સ્વરૂપ નષ્ટ થઈ જાય છે. આમ વિયોગ પરમ હિતકારી છે. લાકડામાંનો અગ્નિ અંદર રહે ત્યાં સુધી લાકડાનું અસ્તિત્વ છે. જો અગ્નિ બહાર પ્રગટ થાય તો લાકડું બળી જાય છે. તેનું અસ્તિત્વ રહે નહીં. આમ પ્રભુ જ્યાં સુધી અંતઃકરણમાં બિરાજમાન છે ત્યાં સુધી સુખનો અનુભવ કરાવે છે.

માટી કાર્યરૂપ છે. તેમાંથી થતો ઘડો કારણ રૂપ છે. ઘડો બનાવવામાં કુંભાર કર્તા છે. માટીનું ચરકડું, લાકડી વગેરે અલગ અલગ સાધનો સમવાયિ કારણ છે.

જગત અને પ્રાણી માત્રની ઉત્તપ્તિમાં કર્તા, કાર્ય અને સમાવાયિ કારણ ભગવાન જ છે. અલગ અલગ કારણો નથી.

પ્રબુ સર્જન કરે છે તે લીલામાં 'પ્રભુસંયોગ' છે. નાશ કરે તે લીલામાં 'પ્રભુવિયોગ' છે. પાલન કરે તે લીલામાં સ્વરૂપાનંદનું દાન છે.

પ્રાણીઓ, ઈન્દ્રિયો અને ગુણો આ ત્રણે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિકના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં જ્યારે ભગવદ્ ઈચ્છાથી જ માયાનો પ્રવેશ થાય ત્યારે લોકોને ભ્રમ કરે છે.

આત્મા, જીવ અને ચૈતન્ય એક જ તત્ત્વ છે. આત્મા દેહથી ભિન્ન છે. ગોપીજનો જેને 'મેં' કહે છે તે દેહ છે. તેને સ્પર્શ કરીને ઓળખી શકાય છે. પણ જીવ (આત્મા-ચૈતન્ય) આ રીતે જાણી શકાતો નથી. કારણ આત્મા શુદ્ધજ્ઞાનમય છે. ગુણોથી પર છે. દેહથી ભિન્ન છે.

માયાની ત્રણ વૃત્તિઓ છે - (૧) સુષુપ્તિ - તેમાં પરમાનંદની સ્ફૂર્તિ થાય છે. (૨) સ્વપ્ન - તેમાં પદાર્થોનું ભાન રહે છે. (૩) જાગૃતિ - તેમાં ચાર પુરુષાર્થોની સિદ્ધિ થાય છે. પ્રભુ કહેવા માંગે છે કે દેહ પર અતિશય મોહ મમતા

ન રાખો. શુદ્ધ આત્મસ્વરૂપથી ભગવાનના રસ સ્વરૂપનું પાન કરો. રસાત્મા પ્રભુને ભજો.

ઈન્દ્રિયોના વિષયો જુઠ્ઠા છે. અવાસ્તવિક છે. ઈન્દ્રિયો આવા વિષયોનું ધ્યાન ધરે તે બરાબર નથી. તેથી તે અવળે માર્ગે જાય છે. જુઠ્ઠા વિષયોના ધ્યાનથી બુદ્ધિ બદલાઈ જાય છે. બળવાન ઈન્દ્રિયો મનને પણ ઘસડી જાય છે. પુરુષાર્થો સિદ્ધ થવા દેતી નથી. આથી ઈન્દ્રિયોને સતત જાગૃત રાખવી જોઈએ. ગીતા આજ્ઞા પણ આ જ છે.

''વિષયોનું ધ્યાન મનુષ્ય કરે છે ત્યારે તેને સંગ પ્રાપ્ત થાય છે. સંગથી કામ જાગે છે. કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી ઘણી મૂઢતા આવે છે. મૂઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઊભો થાય છે. સ્મૃતિમાં ભ્રમ ઊભો થવાથી બુદ્ધિ અર્થાત્ જ્ઞાન શક્તિનો નાશ થઈ જાય છે અને બુદ્ધિનો નાશ થવાથી એ પુરુષનું પોતાનિ સ્થિતિથી પતન થાય છે.''

વેદ સાધનોનો ઉપદેશ આપે છે. તે સર્વ સાધનોનું અંતિમ ફલ મનોનિગ્રહ છે. ધર્મ શાસ્ત્રો પણ આ જ ઉપદેશ આપે છે. યોગ શાસ્ત્ર મનને રોકવાની પ્રક્રિયા બતાવે છે. સાંખ્ય શાસ્ત્ર મનને બદલવાની વાત કરે છે. આ વાત બુદ્ધિમાનો - વિદ્વાનો માટે કહી છે. સામાન્ય માણસો આ વાત માનતા નથી. આત્માનો સંબંધ મન સાથે છે. સાંખ્ય અને યોગ તો મોક્ષના સાધનો છે. તેથી બીજાં સાધન પણ કહ્યાં છે. દા.ત. વનવાસી માટે - સંન્યાસ અર્થાત્ ત્યાગ અને તપ કહ્યા. ગૃહસ્થો માટે દમ અને ઈન્દ્રિય નિગ્રહ કહ્યા. બ્રહ્મચારીઓ માટે વેદાધ્યયન છે. આ બધાથી સત્ય સમજાય છે. અહીં અપગા - અર્થાત્ નદીનું દૃષ્ટાંત આપે છે. નદીઓ છેવટે તો સમુદ્રમાં જ સરી પડે છે. ત્યાં જ સમાઈ જાય છે. નદીઓ સ્થિર નથી. તેથી પૃથ્વી પર વૃક્ષોની જેમ સ્થિર નથી ઊભી રહેતી પણ સમુદ્રમાં જઈ અટકે છે. જીવ પણ જ્યારે દેહમાં પ્રવેશે છે ત્યારે તે લૌકિક પણ રહે છે. છતાં તેમાંથી છૂટવાની ઈચ્છા થાય ત્યારે સન્માર્ગમાં રહી સંન્યાસ ધારણ કરે છે. આગળ જતાં મનો નિગ્રહ થાય છે. આથી જીવને આરામ-શાંતિ મળે છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પુરાષાર્થો છે. ગોપીજનો માટે આ ચારેય ભગવાન જ છે. હરિના દાસ થવું તે ધર્મ - હરિ જ અર્થ. પ્રભુના દર્શનની તીવ્ર ઈચ્છા તે કામ અને પ્રભુના જ નિશ્ચિંત થઈ જવું તે મોક્ષ. આથી ગોપીજનોએ યાદ રાખવા જેવી બાબત તો ભગવાન જ છે. એક વાત એવી છે કે જે વ્યક્તિ દૃષ્ટિથી દૂર હોય તે હંમેશા મનની પાસે હોય છે. પ્રભુની ગોપીજનો સાથે સંયોગ અવસ્થા હોય ત્યારે ધ્યાન ધરવા જેવું હોતું નથી. ભગવાન જ્યારે ગોપીઓથી દૂર જાય ત્યારે ગોપીજનોના મન પોતાની તરફ ખેંચે છે. કર્ષતિ ઈતિ કૃષ્ણ - કૃષ્ણ છે માટે જ ખેંચે છે. આથી ગોપીજનોને વિરહ થાય છે. આ પરિસ્થિતીમાં પ્રિયનું મનથી સ્મરણ થાય છે. ''આવો તોયે સારૂ, ન આવો તોય સારૂં, તમારું સ્મરણ છે. તમારાથી પ્યારું'' - સ્મરણ થતાં પ્રભુ સ્વયં પધારે છે. ગોપીજનોએ મનમાં પ્રભુનું ધ્યાન પણ ધરવું પડે - પ્રભુને આ બધુ પસંદ છે. ''ગણ્યું પ્યારું જે પ્યારેએ અતિ પ્યારું ગણી લેજે.'' ગોપીજનો તેમનાં મનથી પ્રભુનું સતત ધ્યાન ધરે તો પ્રભુને પણ તેમનામાં પ્રેમ થાય છે. - બીજી કોઈ રીતે પ્રભુમાં પ્રેમ જાગતો નથી. શ્રી ગોપીજનોના મનનું આકર્ષણ કરવા પ્રભુ દૂર બિરાજ્યા છે.

પ્રિયજન દૂર રહે તો આપણે વારંવાર તેને યાદ કરીએ છીએ. આપણું મન તેનામાં સ્થિર થાય છે. સ્ત્રી તેના પતિ, માતા, પિતા અને પુત્રના સંસર્ગમાં સતત રહે તો માન માગવાનો દોષ આવે છે. સતત સંસર્ગમાં વ્યક્તિ દૃષ્ટિ મર્યાદામાં રહે છે આથી તેમની સાથે બહારનો સંબંધ રહે છે. અંદરનો - મનનો સંબંધ રહેતો નથી. સતત સાથે રહેવાથી સ્મરણ થાય તેનાથી વિશેષ એક બીજાથી દૂર દૂર પરદેશમાં રહેવાથી થાય છે.

શ્રીકૃષ્ણ શ્રીગોપીજનોને સંદેશ કહે છે કે, ''તમારું મન સંપૂર્ણ મારામાં લગાડો. વિરહ અવસ્થામાં મન સંપૂર્ણપણે ભગવાનમાં લાગે છે. જીવની દસ ઈન્દ્રિયોની દસ વૃત્તિઓ છૂટે ત્યારે મન કામનાથી મુક્ત થાય. આવુ મન કૃષ્ણમાં રોકવાથી પ્રભુની પ્રાપ્તિ શીઘ્ર થાય છે. મન સ્મરણ કરે ત્યારે જીવ પણ તેની સાથે જોડાય છે. આત્મા પણ ભગવાનનું સ્મરણ કરે છે. મન શુદ્ધ થતાં ભગવાનમાં પરોવાય છે. આમ ભગવાન પણ ગોપીજનોના સ્મરણ દ્વારા તેમનામાં દાખલ

થાય છે. મન ભગવાનમાં લીન થતાં ચિત્ત પણ તરત ભગવાનમાં લીન થાય છે. આનાથી ભગવદ્ પ્રાપ્તિ તરત થાય છે.

શ્રીકૃષ્ણ શ્રીગોપીજનોને રાસ પ્રસંગ યાદ કરાવે છે. પ્રભુએ રાસમાં શ્રીગોપીજનોને બોલાવ્યા. આ વખતે કેટલીક સ્ત્રીઓ રાસમાં આવી શકી નહીં. તેમના પતિઓએ તેમને આવવા દીધી નહીં. તે વ્રજમાં રોકાઈ ગઈ. પરંતુ તેમનું મન સંપૂર્ણપણે શુદ્ધ હતું. તેમણે મન કૃષ્ણમાં રોકી દીધા અને કૃષ્ણને પામી ગઈ પણ જે રાસમાં આવ્યા તે ગોપીજનોને આ પ્રધાન ફલ પ્રાપ્ત થયું નહીં. રાસમાં નહીં આવી શકનાર સ્ત્રીઓએ તરત જ દેહાદિભાવ કાઢી નાંખ્યો. તેમના મનને મારામાં રોકી દીધું તેમના પાપ ભસ્મ થઈ ગયાં અને સાયુજ્ય મુક્તિને પામી - કૃષ્ણ આ દ્વારા ગોપીજનોને સમજાવે છે કે તમારામાં રહેલી દોષ દૃષ્ટિ કાઢી નાખો તો તે કલ્યાણી સ્ત્રીઓની અવસ્થાને પામશો. મને શીઘ્ર પ્રાપ્ત કરશો.''

''યહ મન લાગ્યો મેરો શ્યામ સુંદર અહિર સોં । નિસવાસર મોહે કલ ન પરત હૈ કૈસે રહે મન ધીરસો ।।૧।। વાટ ઘાટ મોહી રોકત ટોકત ગ્વાલ બાલ સંગ ભીરસો । કૃષ્ણજીવન લછીરામ કે પ્રભુ માઈ યોં સુધ જાય શરીર સોં।।૨।।

આમ ભક્ત જીવોએ, વૈષ્ણવોએ, ભગવદીઓએ પ્રભુના પરાક્રમ રૂપ ગુણ-લીલાઓનું ચિંતન કરવું યોગ્ય છે.

પ્રિયતમનો સંદેશો વ્રજની સ્ત્રીઓએ સાંભળ્યો. પ્રસન્ન થતાં તેઓ પોતાનામાં રહેલાં દોષોનું નિવારણ કરવા માંગે છે. ઉદ્ધવજી તો આનંદરૂપ છે તેથી તેમની સાથે વાતચીતની શરૂઆત કરે છે. પોતાના દોષોના નિવારણ માટે હવે ગોપીજનો ભગવાનના પુરુષાર્થનું કીર્તન કરે છે.

કંસ યદુઓનો શત્રુ હતો. તે પાપી હતો. તેના ભાઈઓ સાથે તેનો વધ થયો તે સારૂં થયું. ભગવાન સર્વ અર્થ સિદ્ધ કરનારા છે. તેઓ અચ્યુત છે. હવે તે પોતાના આપ્તજનો સાથે આનંદમાં બિરાજે છે તે સારું થયું.

શ્રીકૃષ્ણની અમે સ્નેહ, લજ્જા, હાસ્ય સાથે ઉદાર નિરીક્ષણથી પૂજા કરી હતી. આ ભગવાન મથુરા નગરની સ્ત્રીઓ સાથે પ્રીતિ રાખે છે ખરા ? ગોપીજનો અહીં કૃષ્ણ માટે ગદાગ્રજ વિશેષણ વાપરે છે. તેનું કારણ એ છે કે શ્રીકૃષ્ણ મથુરા

ગયા ત્યાર પછી રોહિણીથી 'ગદ'નો જનમ થયો. તેથી 'ગદ' નાનો ભાઈ અને કૃષ્ણ મોટા ભાઈ થયા. આથી કૃષ્ણને 'ગદાગ્રજ' કહ્યાં.

ભગવાન પ્રેમના પ્રકારો સારી રીતે જાણે છે. આ બધા ભેદ પોતાની સ્વકીયા સ્ત્રીમાં પ્રકટ થઈ શકતા નથી. તે ઉત્તમ સ્ત્રીઓમાં પ્રિય છે. આ સ્ત્રીઓ પ્રભુની મીઠી વાણી અને વિલાસોથી પ્રભાવિત હોય છે. આથી જ કૃષ્ણનો તે સ્ત્રીઓ પ્રત્યે પ્રેમ વધે જ.

ગોવિન્દજી મથુરાની ચતુર સ્ત્રીઓ સાથે વાત કરતા હોય ત્યારે કોઈ પાછલી વાતો પણ નીકળે. ગોપીજનો કહે છે કે અમે તો અભણ છીએ ગામડિયણો છીએ. પાછલી વાતો કરતાં પ્રભુ અમારા વિષે કંઈ કહે છે ?

શ્રીકૃષ્ણે શ્રીગોપીજનોને રાસની રાત્રીઓનું દર્શન કાત્યાયની પ્રસંગમાં કરાવ્યું છે. તે રાત્રીઓમાં પ્રભુએ વ્રજભક્તો સાથે રમણ કર્યું. પૂનમનો ચંદ્ર ઉગેલો, કુમુદ અને કુંદના ફૂલો ખીલ્યા હતા. આથી વૃંદાવન રમણીય લાગતું હતું. ભગવાને તે વખતે રાસ કર્યો. આપના ચરણના નેપૂરનો ઝંકાર થતો હતો - શ્રી ગોપીજનો કહે છે અમે તેમની સાથે રાસ કર્યો. તેમના ગુણગાન કર્યા. ભગવાન અમને બધી સ્ત્રીઓને યાદ કરે છે ?

શ્રીગોપીજનો કહે છે ભગવાન દાશાર્હ છે. દાશાર્હ રાજાના કુળમાં જન્મ્યા તેથી દાશાર્હ. તેઓ દયાળુ છે. બીજાનાં દુઃખો પર ધ્યાન આપે છે. બીજાના તાપોને પણ મટાડે છે. ઈન્દ્ર વાદળાં વડે વનને સજીવન રાખે છે. અમે પણ પ્રભુકૃત શોક (વિરહ)થી દુઃખી છીએ. તેમનાં અંગના સ્પર્શથી અમને સજીવન કરવા ક્યારે અહીં પધારશે ?

શ્રીગોપીજનો કહે છે કે ભગવાન કદાચ ગોકુલમાં આવે પણ ખરા - આવે તો બે કામે આવે (૧) અમારા વિરહ તાપને શાંત કરવા (૨) અમને જ્ઞાનનો ઉપદેશ આપવા. પણ કૃષ્ણને રાજ્ય મળ્યું છે. સર્વ મિત્રો મળ્યા છે. શત્રુઓનો વધ થયો. હવે રાજાઓની કન્યાઓ સાથે લગ્ન કરશે. આ રીતે આનંદમાં રહેતા કૃષ્ણ ગોકુલ ક્યાંથી આવે ?

શ્રીકૃષ્ણ લક્ષ્મીના પતિ છે. વિશેષમાં તે પૂર્ણ કામ છે. તેમને શાની અપેક્ષા હોય ? તે હવે કૃતાત્મા છે. મહાત્મા છે. હવે તેમને શું કરવાનું બાકી છે કે અમારી પાસે આવે ?

આશાનો ત્યાગ કરવો એ જ મોટું સુખ છે. મનુષ્યોના દુઃખનું કારણ આશા છે. પણ આશા છોડી શકાતી નથી. આશા પર તે જીવે છે. આશા સફળ ન થાય ત્યારે દુઃખી બને છે. પિંગલા નામની વેશ્યાએ શ્રીકૃષ્ણની આશા રાખી અને તેમની પ્રાપ્તિ કરી. નારદાદિને પણ આવો અનુભવ છે. નિરાશામાં જે સુખ છે તે અન્યત્ર નથી. આથી જ શ્રીકૃષ્ણ પ્રત્યેની અમારી આશા અમે તજી શકતા નથી.

નારદજી સદા સર્વદા ત્રણે લોકમાં શ્રીપ્રભુના ગુણગાન કરે છે. આ રીતે તેઓ ભગવાન સાથે સંબંધ ટકાવી રાખે છે. પ્રભુ સ્મરણ અને તે રીતે તેમની સાથેનો સંબંધ સર્વથી ઉત્તમ વસ્તુ છે. આથી ગોપીજનો તે છોડવાની ઈચ્છા કરતાં નથી. ભગવાન લક્ષ્મીજીની ઈચ્છા નથી કરતાં છતાંય લક્ષ્મીજી પ્રભુના શ્રી અંગથી કદી પણ એક ક્ષણ માટે દૂર જતાં નથી.

શ્રી ગોપીજનો માટે પ્રિયતમનાં સંસ્મરણોનો ત્યાગ કરવો અશક્ય છે. વ્રજનાં સર્વ પદાર્થો, શ્રીકૃષ્ણના સ્મરણો તાજા કરે છે.

શ્રીકૃષ્ણજી ગાયો ચરાવવા બલરામજી સાથે જતાં - ત્યાં વાંસળી વગાડતા. અનેક રમતો રમતાં, રાસલીલામાં રમણ કર્યું. આ બધું શ્રીગોપીજનો ભૂલી શકતા નથી. શ્રીગોપીજનો ઉદ્ધવજીને સરસ વાત કરે છે કે આપે આ બધાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો નથી તેથી સ્વસ્થ રહી શકો છો, પણ અમે સ્વસ્થ રહી શકતાં નથી.

ગોપીજનોને નંદગોપના પુત્રની યાદ ફરી ફરી તાજી થાય છે. બધું યાદ કરતાં કરતાં તેમને મૂર્ચ્છા આવી જાય છે. નંદબાવા પાસે આશ્વાસન માટે ગોપીજનો જાય પણ તેમ કરતાં તેમના પુત્રની જ યાદ આવે છે. પ્રભુના શ્રીચરણમાં લક્ષ્મીજીનો નિવાસ છે. આનાં પગલાં વ્રજભૂમિ પર પડેલાં છે. પ્રભુ અચ્યુત છે તેથી તે પગલાં વ્રજભૂમિ પરથી ભૂસાતા નથી. તે પગલાં જોતાં શ્રીકૃષ્ણજી યાદ આવી જાય છે. આમ શ્રીકૃષ્ણને ભૂલવા શ્રીગોપીજનો અસમર્થ છે.

બુદ્ધિના ત્રણ પ્રકાર કહ્યા છે - (૧) સત્વગુણી જે જ્ઞાન યુક્ત હોય, (૨) રાજસગુણી જે સંકલ્પવાળી હોય, (૩) તામસ બુદ્ધિ દેહાભિમાન ભરેલી હોય - ભગવાન પોતાના ત્રણ પ્રકારના ધર્મો વડે ત્રણ પ્રકારની બુદ્ધિને હરિ લે છે.

(૧) સુંદર ગતિથી દેહાભિમાનવાળી તામસ બુદ્ધિ દૂર કરે છે. (૨) ખડખડાટ ઉદાર હાસ્યથી સંકલ્પ વિકલ્પવાળી રાજસ બુદ્ધિને દૂર કરે છે. (૩) લીલા ભરેલાં કટાક્ષો જ્ઞાનરૂપ સત્વગુણી બુદ્ધિને નિર્મળ કરે છે. ગોપીજનો કહે છે આવા પ્રભુ કઈ રીતે ભૂલાય ? આથી જ ભગવાનના ઉપદેશનો અમલ અશક્ય છે.

શ્રીગોપીજનોનું ગોકુલ હાલ દુઃખના સાગરમાં ડુબેલું છે. પ્રભુનું એક નામ હરિ છે. ગજેન્દ્ર તો સાગરમાં ડૂબેલો નહોતો. તેના કાન અને નાક સુધી પાણી આવેલું તેની પ્રાર્થના સાંભળી તમે તૂરત દોડ્યા - દુઃખમાંથી તેને ઉગાર્યો. મત્સ્ય અવતારથી વેદોનો ઉદ્ધાર કર્યો માટે હે નાથ ! હે રમાનાથ ! હે વ્રજનાથ ! હે દુઃખ નાશક ! હે ગોવિંદ ! દુઃખ સાગરમાં ડૂબેલા ગોકુળનો ઉદ્ધાર કરો.

શુકદેવજી કહે છે કે, ''કૃષ્ણના સંદેશથી ગોપીજનોનો વિરહજ્વર દૂર થઈ ગયો. તેમની દોષ બુદ્ધિ ગઈ. તેમનું અંતઃકરણ નિર્દોષ થયું. તેઓ ઉપદેશનું ફરી ફરી ચિંતન કરવા લાગ્યા. આથી તેમનો વિલાપ દૂર થયો. તેમને જીવવાની ઈચ્છા જાગી. તેમને ઉદ્ધવજી ગુરૂ જેવા પૂજનીય લાગ્યા. તેથી તેઓ તેમનું પૂજન કરવા લાગ્યા.

ગોપીજનોના મનની સ્થિતિનું વર્ણન સૂરદાસજીએ ''સૂરસાગર''માં આ રીતે કર્યું છે -

ઉધૌ ! મન ન ભએ દસવીસ ।
એક હુ તૌ સો ગયૌ સ્યામ સંગ કો આરાધું ઈસ ।।
ઈંદ્રી શિથિલ ભઈ કેશવ બિનુ, જ્યોં દેહી બિનું સીસ ।
આશા લાગી રહિત તન સ્વાસા, જીવ હિ કોટિ બરીસ ।।
તુમ તો સખા શ્યામ સુંદર કે સકલ જોગ કે ઈસ ।
સૂર હમારે નંદનંદન બિન, ઔર નહીં જગદીસ ।।

ગોપીજનોના વિરહતાપને દૂર કરવા ઉદ્ધવજી કેટલાક મહિના ગોકુળમાં રહ્યા. શ્રીકૃષ્ણલીલાઓની દરરોજ કથા કહી. આથી ગોકુળવાસીઓનું દુઃખ ગયું. તેમને આનંદ થયો. વ્રજવાસીઓને તે દિવસો ક્ષણમાત્રમાં વહી ગયા તેમ લાગ્યું તેથી ગોકુળવાસીઓને કાળનું કોઈ ભાન કહ્યું નહીં.

ભગવાનની લીલાભૂમિ વ્રજને જોવાની ઈચ્છા ઉદ્ધવજીને હતી જ. સંજોગો પ્રાપ્ત થતાં તે વ્રજમાં આવી ગયા. ભગવાનની આજ્ઞા પાલન સાથે કૃષ્ણકથા પણ કરતા રહ્યા, વ્રજભૂમિના દર્શન કરતા રહ્યા. તેઓ હરિદાસછે આથી સત્સંગ કરતા રહ્યા. વ્રજવાસીઓનાં દુઃખ દૂર કરી તેમને ભગવદ્ ભાવથી વિભોર બનાવી દીધાં.

ગોપીજનોને ઈચ્છા હતી કે ભગવાન ક્યારે મળશે ? તે ઈચ્છા દોષ વગરની કહેવાય. ગોપીજનોમાં શુદ્ધ આત્મભાવ હતો. ભગવાન અમારા આત્મા છે તેવું જ્ઞાન તેમને થઈ ગયું હતું. ભગવાન કૃષ્ણનો આવેશ તેમનામાં હતો. આથી મન વ્યાકુળ બન્યું હતું. ઉદ્ધવજીને લાગ્યું કે ગોપીજનોમાં હવે લૌકિક ભાવ નથી. આથી તે અત્યંત પ્રસન્ન થયા અને ગોપીજનોને નમસ્કાર કરી 'ઉદ્ધવગીત' ગાવા લાગ્યા. પુષ્ટિમાર્ગમાં આ ગીત મંગલા ચરણમાં ગવાય. આનાથી અંતઃકરણની અપરસ થઈ જાય છે.

ઉદ્ધવગીત

એતાઃ પરં તનુભૃતો ભુવિ ગોપ-વધ્વો
ગોવિન્દ એવ નિખિલાત્મની રૂઢ-ભાવાઃ ।
વાઞ્છન્તિ યં ભવ-ભિયો મુનયો વયં ચ
કિં બ્રહ્મ-જન્મભિરનન્ત-કથા-રસસ્ય ।।૧।।

ક્વેમાઃ સ્ત્રિયો વનચરીર્વ્યભિચાર-દુષ્ટાઃ
કૃષ્ણો ક્વ ચૈષ પરમાત્મનિ રૂઢભાવઃ ।
નન્વીશ્વરોઽનુભજતોઽવિદુષોઽપિ સાક્ષા-
ચ્છ્રેયસ્તનોત્યગદ - રાજ ઈવોપયુક્તઃ ।।૨।।

નાયંઙ્શ્રિયોઙ્ગ ઉ નિતાન્ત - રતેઃ પ્રસાદઃ
સ્વર્યોષિતાં નલિન-ગન્ધ-રુચાં કુતોઽન્યાઃ ।
રાસોત્સવેઽસ્ય ભુજ-દંડ-ગૃહીતૃ-કણ્ઠ-
લબ્ધાશિષાં ય ઉદગાદ્-વ્રજલ્લવીભિઃ ।।૩।।

આસામહો ચરણ-રેણુ-જુષામહં સ્યાં
વૃન્દાવને કિમપિ ગુલ્મ-લતૌષધીનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્ય - પથં ચ હિત્વા
ભેજુર્મુકુન્દ-પદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ।।૪।।

યા વૈ શ્રિયાર્ચિતમજાદિભિરાપ્ત-કામૈ
ર્યોગેશ્વરૈરપિ યદાત્મનિ રાસગોષ્ઠ્યામ્ ।
કૃષ્ણસ્ય તદ્ ભગવતશ્ચરણારવિન્દં
ન્યસ્તં સ્તનેષુ વિજહુઃ પરિરભ્ય તાપમ્ ।।૫।।

વન્દે નન્દ-વ્રજ-સ્ત્રીણાં પાદ-રેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિ-કથોદ્ગીતં પુનાતિ ભુવન-ત્રયમ્ ।।૬।।

એતાઃ પરં તનુભૃતો ભુવિ ગોપ-વધ્વો
ગોવિન્દ એવ નિખિલાત્મની રૂઢ-ભાવાઃ ।
વાઞ્છન્તિ યં ભવ-ભિયો મુનયો વયં ચ
કિં બ્રહ્મ-જન્મભિરનન્ત-કથા-રસસ્ય ।।૧।।

શબ્દાર્થ : (ભગવાનના સર્વધર્મો શ્રીગોપીજનમાં છે, તે જણાવવા માટે તેમની સ્તુતિ કહે છે.) **પરં** = ઉત્કર્ષથી, **તનુભૃતઃ** = સ્વાધીન (સફલ) શરીરધારી, **ભુવિ** = પૃથ્વી પર, **એતાઃ** = આ (નન્દવ્રજનાં), **ગોપવધ્વઃ** = ગોપવધૂઓજી (છે), (ન જ્ઞાનીઓ, ન લૌકિકો, ન ભક્તો; સંસારરત-લૌકિક લોકોનું તો જીવન જ વ્યર્થ છે. શરીરને સાચવતાં જીવન વેડફાય છે. સ્વાધીન -સ ફલ - શરીરધારી જ તનુભૃત્ છે. જ્ઞાનીઓને તો જ્ઞાન થતાં સુધી જ સાધન-રૂપે દેહનો ઉપયોગ છે, જ્ઞાન પછી તો વ્યર્થ-અનપેક્ષિત-ભારની જેમ જ દેહને સાચવવાનો છે. ભક્તો પણ મૂઢતાથી દેહને જ આત્મા-રૂપે ''હું છું'', - માનતા, દેહમાં જ બુદ્ધિવાળા બહિર્મુખતાથી તનુ-રૂપ છે, તનુધારી નથી; પણ તે તો ક્યારેક સફલ થાય છે. ઉદ્ધવજી વગેરે તો ભક્ત હોવા છતાં, જ્ઞાન-પ્રાપ્ત હોવા છતાં પણ, મન્દભાવને પ્રાપ્ત થયેલા, ઉત્કટભાવથી તનુધારી નથી; આથી પરમોત્કર્ષથી તનુધારી તો આ શ્રીગોપીજન જ છે. લક્ષ્મીજી તો વૈકુંઠમાં છે, આ તો ભૂતલ છે. પ્રહ્લાદજી વગેરે ઉત્કટ ભક્તો પૃથ્વી પર હોવા છતાં કોઈ આવા તો નહિ ! આવી અવસ્થાને પ્રાપ્ત કરીને કોઈ આવા પ્રકારનો થયેલ નથી, શ્રીગોપીજન જ આવા ઉત્કર્ષથી તનુધારી છે, સફલ-સ્વાધીન-શરીરધારી છે), (આ શ્રીગોપીજન તો), **અખિલાત્મનિ** = સર્વાત્મારૂપ, (સંપૂર્ણ અંતઃકરણમાં), (ગોવિન્દને સ્વકીયપણાથી જ્યારથી જાણ્યા ત્યારથી), **ગોવિન્દે** = ગોવિન્દ (શ્રીકૃષ્ણ)માં, **એવ** = જ, **રૂઢ-ભાવાઃ** = (આવા) રૂઢ (દૃઢ-વધતા જતા) ભાવવાળાં, (છે), (સ્વાધીન-દેહનું આ જ ફલ છે.), સર્વાત્મા-રૂપ ગોવિન્દને પોતાના બનાવ્યા છે ! શરીર પણ તેમણે તો પોતાનાં નહિ, પ્રભુનાં ગણીને સંભાળ્યા છે ! સેવામાં સમર્પિત છે !, **યં** = જે (ભાવ)ને, **ભવ-ભિયઃ** = સંસારથી જેમને ભય છે તેવા, (મુમુક્ષુઓ), **મુનયઃ** = (મનનશીલ) મુનિયો, (મુક્તો), **ચ** = અને, (સર્વ-ધર્મમાર્ગ પરાયણો)

વયં = અમે (ભક્તો), **વાંછન્તિ** = ઈચ્છે છે, (તે તો શ્રીગોપીજનને સહજ સિદ્ધ છે), (વિદેહ-કૈવલ્ય સુધી તો, જીવન્મુક્તોને પણ બાહ્ય-સંવેદન હોય છે જ, લૌકિક જ ભાવ સૌમાં થાય છે. લૌકિકોની તો જન્મ-વ્યર્થતા સિદ્ધ જ છે. નારદજી વગેરેમાં ક્યારેક પ્રાકૃત જેવી વ્યવસ્થા હોય છે! પ્રહ્લાદજી પણ રાજ્યાદિ કરે છે! બાહ્ય-સંવેદનમાં તો આ જ અવસ્થા સર્વશાસ્ત્રમાં પરિણામે દેખાય છે. આ સિવાય બીજી અવસ્થા ક્યાંય નથી. આ વિચારે તો આ શ્રીગોપીજન જ સફલ શરીરધારીઓ છે.) (શ્રીગોપીજનને તો કૃષ્ણ-વિયોગમાં બાહ્યભાનમાં પણ અલૌકિક-ભાવ છે.), **બ્રહ્મ-જન્મભિઃ** = જેને રસ છે તેવાને, **કિં** = શું (પ્રયોજન)?,(વશિષ્ઠ વગેરે ક્ષોત્રિયો-બ્રહ્મનિષ્ઠો પણ જો કે, બાહ્ય-સંવેદનમાં વેદાર્થાનુષ્ઠાન કરે છે, દીર્ઘ-સત્રાદિથી અંતર્નિષ્ઠામાં બ્રહ્મ-પરાયણ હોય છે, છતાં કર્મ કરતાં ભક્તિ ઉત્તમ છે. કર્મ લોક-પર લોકનાં સુખ દે, ભક્તિ તો ભગવાનનું સુખ દે છે! પ્રસંગવશાત્ તો પ્રશંસા અનેકની હોય; પણ શ્રેષ્ઠ તો છે - આ શ્રીગોપીજન! ભગવાન્-અનન્ત! તેમની કથા અનન્ત! તેમની કથાનો રસ પણ અનન્ત! રસ રૂપ છે - ભગવાન્! જેને આ - અનન્ત-કથા-રસ સુલભ તેને તો આવા બ્રહ્મજન્મથી પણ કાંઈ પુરુષાર્થ નથી. કથારસ-રતિને તો કર્મોપયોગી બ્રહ્મજન્મોથી પણ કોઈ લાભ નથી, ગોવિન્દભાવરત શ્રીગોપીજનની તો સાધનદશા પણ બીજાઓની ફલદશાથી પણ અત્યંત ઉત્તમ છે. તો ફલની તો વાત જ શી? તમે શ્રીગોપીજનને તો સાધનદશામાં જ ફલલાભ છે, તો તેમને પછી તો કર્મ-જ્ઞાન શું કરવાનાં? અદ્‌ભુત છે, આ અદ્‌ભુતકર્મા કૃષ્ણનાં શ્રીગોપીજન!

શ્લોકાર્થ : ભગવાન ગોવિંદ સર્વના આત્મામાં રહેલા છે તે ભાવ, ગોપીજઓના હૃદયમાં સ્થિર થઈ ગયો છે. તેથી તેમણે શરીર ધારણ કર્યાં છે. છતાં તેમનો જન્મ સફલ છે. અમે (ઉદ્ધવ વગેરે જ્ઞાનીઓ) અને મુનિઓ સંસારના ભયથી ડરી ગયેલા હોવા છતાં તે ભાવને પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ. અનંત ભગવાનની કથા રસને જેણે ન માણ્યો હોય, તે બ્રાહ્મણ કુલમાં જન્મે તો પણ તેથી શું? તેનો મનુષ્ય જન્મ ઉત્તમ કુળમાં હોવા છતાં નિરર્થક સમજવો.

ગોપીજનો સફલ શરીરધારી છે. જ્ઞાની, લૌકિક કે ભક્તો સફલ શરીરધારી

નથી. શરીર મળવા માત્રથી સફલ શરીરધારી થવાતું નથી. લૌકિક લોકો સંસાર રત હોય છે. તેથી તેમનું જીવન વ્યર્થ છે. જ્ઞાનીઓને જ્ઞાન પ્રાપ્તિ સુધી જ શરીરનો ઉપયોગ રહે છે. તે પછી ભાર વહનની જેમ શરીર ટકાવે છે. ભક્તો દેહને ''હું છું'' તેમ માને છે. તેમને ગોપીજનો જેવું ફળ નથી મળતું. ઉદ્ધવજી જેવા જ્ઞાની ભક્તોને પણ આવો ઉત્કટ ભાવ નથી. આ ભાવ માત્ર ગોપીજનોમાં છે તેથી તે જ સાચા શરીરધારી છે. પૃથ્વી પર તેમના જેવા કોઈ નથી. તેમણે સર્વાત્મરૂપ ગોવિંદને પોતાના બનાવ્યા. ગોવિંદમાં જ તેમનો રૂઢભાવ છે. પોતાના શરીર પ્રભુ સેવામાં જ સમર્પણ કરી દીધાં. તેમના શરીર ધર્મો પણ શરીરને પ્રભુ સેવા અનુરૂપ રાખવા હતા. પોતાના સુખ સગવડ માટે ન હતા.

ભવના ભયવાળા મુમુક્ષુઓ - મુક્તો - મુનિઓ, ઉદ્ધવ વગેરે ભક્તો અને સર્વ સન્માર્ગ નિષ્ઠો જે ભાવ મેળવવા ઈચ્છે છે તે ગોપીજનોને સહજ સિદ્ધ છે. ગોપીજનને તો બાહ્ય અનુસંધાનમાં કૃષ્ણ વિયોગની વેદના પણ અલૌકિક જ ભાવ દે છે. બીજી કોઈ અવસ્થા નથી આમ તે સ્વાધીન - સફલ શરીરધારી છે.

વશિષ્ઠ વગેરેને બ્રહ્મભાવ પ્રાપ્ત છે. બ્રાહ્મણ રૂપે તેમનો ઉત્તમ જન્મ છે. ઉપવીત સંસ્કારથી સાવિત્ર છે અને યજ્ઞદીક્ષાથી યાજ્ઞિક છે. આમ, ત્રણ જન્મ થયા પણ આનાથી પ્રયોજન શું ? કર્મ કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે. ભગવાન અનંત છે - તેમની કથા પણ અનન્ત છે. તેમની કથાનો રસ પણ અનન્ત છે. જેને આ રસ સુલભ છે તેને કોઈ પુરુષાર્થ કરવાનો રહેતો નથી. જે કથારસ રહિત છે તેને બ્રહ્મજન્મથી પણ કોઈ લાભ નથી.

ક્વેમાઃ સ્ત્રિયો વનચરીર્વ્યભિચાર-દુષ્ટાઃ
કૃષ્ણો ક્વ ચૈષ પરમાત્મનિ રૂઢભાવઃ ।
નન્વીશ્વરોડનુભજતોડવિદુષોડપિ સાક્ષા-
ચ્છ્રેયસ્તનોત્યગદ - રાજ ઈવોપયુક્તઃ ।।૨।।

શબ્દાર્થ : ઈમાઃ = આ (ગોપીજનો)! (જાતિથી હીન ગણાય), **સ્ત્રિયઃ** = સ્ત્રીઓ (જન્મથી અધિકાર-હીન), વનચરીઃ = (''વૈનચર્યઃ'' - જોઈએ, પણ

અલૌકિકતા સૂચવવા આલૌકિક-આર્ષ-પ્રયોગ કર્યો છે.), (દહીં વગેરે વેચવા સ્વચ્છન્દથી) વનમાં ફરનારાંઓ ! (સ્થાન અને ક્રિયા પણ ઉત્તમ નથી. વનવાસ તો ઉત્તમ લોકોને ત્યાં ઉત્તમગતિ મળતી હોવાથી સાત્ત્વિક ગણાય છે, નહિ તો વનવાસથી તો ચોર-વાનરાદિ પણ ઉત્તમ ગણાય ! વનમાં સાધન-સગવડ શાં મળે ? આમ દેખીતી રીતે તો હીન જ ગણાય. તેમાં પણ આ તો) - **વ્યભિચાર-દુષ્ટાઃ** = વ્યભિચાર-દુષ્ટ !, (કદાચ લોકનજરે તો આમ લાગે, પણ વાસ્તવમાં તો, ભગવાને પોતાની લીલા માટે આ ગોપીજન-વગેરે સૌને પ્રકટ કર્યાં છે. પ્રભુના પ્રાકટ્ય પહેલાં જ શ્રુતિરૂપા-ગોપીજનો વિવાહ થઈ ગયા છે. તે ગોપો તેમના પતિ-રૂપ ગણાય છે. આ તો ગોપોનો મનથી માનેલો (અભિમાનિક) સંબંધ છે. સતી અહલ્યાજીને પણ ગૌતમ-વેષ-ધારી ઈન્દ્રમાં પતિ હોવાનો ભ્રમ થયેલો ! આવાં લગાતાં આ શ્રીગોપીજનો છે; તેઓ) **ક્વ** = ક્યાં, **ચ** = અને, **પરમાત્મનિ** = પરમાત્મા, **કૃષ્ણે** = (સદાનન્દ) (ફલરૂપ) કૃષ્ણમાં, **એષઃ** = આ, **રૂઢ-ભાવઃ** = (જેને મુમુક્ષુ-મુક્ત-ભક્ત-સૌ ઝંખે છે તે), **ક્વ** = ક્યાં ? ! (વ્યભિચારિ-ભાવ તો અસ્થિર હોય, તો કૃષ્ણમાં રૂઢ-સુસ્થિર-દૃઢ-ભાવ છે ! આશ્ચર્ય છે - આ વિરૂદ્ધભાવથી ! પહેલાં, રાસ-સમયે અને પછી પણ, આ ગોપોએ તો પોતપોતાનાં ગોપીજનને પોતાની પાસે માન્યાં છે, પોતાનાં પત્ની માન્યાં છે ! શ્રીગોપીજન તેવાં પત્નીરૂપ નથી. તેવો વ્યવહાર કરવા જતાં તો ભગવદીય શ્રીગોપીજન કે ભગવાન્ ભસ્મસાત્ કરી દે ! ભગવાન્ શ્રીકૃષ્ણતો સર્વના ઉદ્ધાર માટે પધાર્યા છે. તે પરમાત્મા કૃષ્ણમાં શ્રીગોપીજનનો આ રૂઢ-ભાવ તો સર્વ પુરુષાર્થ-સાધક છે. ભગવાને જ પોતાની લીલા માટે સૌને પ્રકટ કર્યાં છે, ભગવાન્ સૌના પતિ છે, છતાં સામાન્ય સ્ત્રીઓ તો સામાન્ય લૌકિક-રીતે પોતાને પરણેલા પુરુષને પોતાનો પતિ માને છે, આમ, પતિ પોતે પરણેલી સ્ત્રીને પત્ની માને છે. આવા પરણેલા પુરુષની સેવામાં દોષ નથી; તે સમાજ-શાસ્ત્ર-સંમત છે. આવાં લૌકિક-સ્ત્રીઓને પણ ''સતી'' કહેલા છે. તેમનાં સંતાન પણ ધર્માદિમાં અધિકારી ગણાય છે. આ વર્ણાશ્રમધર્મ છે. તે તો દેહનિષ્ઠ છે. ધર્મશાસ્ત્રમાં પ્રાયઃ આવા ધર્મો કહેલા છે, ભગવદ્ધર્મો નહિ. અજ્ઞાનથી દેહ પોતાનો-પોતે ''હું'' લાગે છે, તેથી તેના ધર્મોને સ્વધર્મ માનવામાં આવે છે.

બ્રહ્મજ્ઞાન કે ભગવદ્ભાવ વગરના લોકો માટે આવા સામાન્ય-ધર્મો છે. વાસ્તવમાં તો, ‘‘હું દાસ છું’’ - ભાન થતાં, આત્મધર્મો જ સ્વધર્મ છે. બ્રહ્મજ્ઞનો મુખ્યાધિકાર તો ભક્તિમાં છે. ભગવાન્ ‘‘મુક્તોપસૃપ્ય’’ - (મુક્તોને પ્રાપ્ય) છે; (સર્વત્ર આત્મદૃષ્ટિવાળા) પરમહંસ-(મનનશીલ) મુનિયો અને નિર્મલ હૃદયવાળાઓને ભક્તિનું દાન કરવા માટે ભગવાન્ પ્રકટ થયા છે. અહીં તો ભક્તિમાર્ગની રીતે વિચાર છે. તેમાં તો ભગવાન્ સિવાય અન્યનું ભજન દોષમાં કારણ-રૂપ છે. ભગવાન્ પણ સર્વધર્મ છોડીને પોતાને શરણે જવાનું - પોતાને ભજવાનું કહે છે. તે જ ઉત્તમ છે. આમ, અસ્વ (દેહ) ધર્મને સ્વ(આત્મા) ધર્મ માનવો તે તો કપટ છે. વ્યાસજીએ તો ભક્તિજનક શ્રીભાગવજીના આરંભમાં જ, - ‘‘ધર્મઃ-પ્રોજ્ઝિતકૈતવોઽત્ર’’, અહીં (શ્રીભાગવતમાં) કપટ રહિત-ધર્મ છે, - તેમ કહ્યું છે. ધર્મશાસ્ત્રોનો વિષય તો જુદો છે. તેમાં તો આવું ભક્તિમાર્ગીય નિરૂપણ ન હોય, - તે સ્વાભાવિક છે. કામશાસ્ત્રમાં કામની વાતો જે રીતે કહેલી હોય તેમાં ધર્મશાસ્ત્ર સંમત ન પણ હોય ! ભગવાને તો, પોતે સર્વને દુર્લભ હોવા છતાં, ભક્તિ દ્વારા પોતાની સુલભતા બતાવવા માટે, આ અદ્ભુતલીલા કરી છે. તેમાં ભગવાન ધર્મમાર્ગાનુકૂલ સ્ત્રીઓ (શ્રુતિરૂપા-ઋષિરૂપા) શ્રીગોપીજનને પ્રકટ કર્યાં. તેમને ધર્મ-માર્ગીય રીત છોડાવીને, સ્વતંત્ર-ભક્તિ-માર્ગીય-રીતે પોતે પ્રાપ્ત થયા ! આ તો દૂષણ નથી, ભૂષણ જ છે. પ્રભુનાં ચરણ-કમલનો સુગંધ જેણે ન જાણ્યો-માણ્યો હોય, તેવા સ્ત્રી જ જીવતા શબ જેવા પુરુષને પતિ-રૂપે ભજે છે ! શ્રીરુક્મિણીજી તો આ સ્પષ્ટ કહે છે, આથી, ભગવાન્ તો દુર્લભ હોવા છતાં તેમની જ આશા રાખીને, અન્યના બજન વગર, ભગવદ્ભજન જ કર્યા કરતાં, સૌ (ભક્તો)એ જીવવું જોઈએ. અનન્ય ભક્તને ભગવાન્ સુલભ છે ! આ ભક્તિમાર્ગનો સાર છે. શ્રીગોપીજન તો પ્રભુ માટે જ પ્રકટ્યાં છે), **નનુ** = નિશ્ચિત છે, **ઈશ્વરઃ** = (કરવા - ન કરવા - અન્યથા કરવા સમર્થ, ફલદાતા, સર્વનિયામક) ઈશ્વર, **સાક્ષાત્** = પ્રત્યક્ષમાં, **અનુભજત** = અનુકૂલ બનીને ભજનાર, **અવિદુષઃ** = અજ્ઞાનીનું, **અપિ** = પણ, **શ્રેયઃ** = (સ્વાનુરૂપ) કલ્યાણ, **તનોતિ** = વિસ્તારે છે, (દે છે), (ઈશ્વર સ્વાનુરૂપ કલ્યાણ કરે છે, સેવકને અનુરૂપ નહિ. આ

લોકવેદમાં પ્રસિદ્ધ ન હોવા છતાં પણ શ્રીગોપીજનમાં તેમ દેખાતું હોવાથી આ વિત્રક છે. ઈશ્વર હોવાથી આ યુક્તિસંગત છે. ઈશ્વર ક્યારેક સેવાને ગણકારતા નથી, વિપરીત પણ ફલ દે છે ! પ્રમાદથી પણ અપરાધ થતાં પ્રાણ લે છે ! ક્યારેક સેવા કરતાં અધિક પણ ફલ દે છે ! તેમાં અદષ્ટ નહિ, ઈશ્વર જ નિયામક છે. (ઈશ્વરતા વગર લોકમાં તો અવિરુદ્ધ પણ સંભવે ! ભગવાનમાં આવી કલ્પના કરવી તે દોષ છે. લોકન્યાયે કાંઈ મળતું દૃષ્ટાંત કહે છે;), **ઉપયુક્તઃ** = (સમીપમાં) ઉપભોગ કરેલું (પીધેલું), **અગદ-રાજઃ** = ઔષધરાજ (અમૃત), **ઈવ** = ની જેમ ! (અમૃત અજાણ્યે પણ પીધું હોય તો અસર કરે જ, અમર બનાવે ! ભ્રમથી પણ અગ્નિને અડકતાં દઝાવાય ! તેમ કૃષ્ણ પોતાના ગુણો પ્રમાણે, સ્વતંત્ર-રીતે પણ ફલ દે છે. ઈશ્વર સ્વતંત્ર હોવાથી અન્યને પણ એવી રીતે આવું જ ફલ દે, તેવો નિયમ નથી મંત્રાદિથી તો તેના પ્રમાણમાં ફલ મળે ! (શ્રીગુસાંઈજીએ અનેક સુંદર સમાધાન અહીં કર્યાં છે. તેનો વિસ્તાર "**શ્રીમદ્‌ભાગવત-રસાસ્વાદ**"માં છે.)

શ્લોકાર્થ : વનમાં રહેનાર, વ્યભિચારના દોષથી દુષ્ટ એવી આ સ્ત્રીઓ ક્યાં ? એવી સ્ત્રીઓને પરમાત્મામાં દૃઢ ભાવની પ્રાપ્તિ થવી ક્યાં ? કોઈ મનુષ્ય આપને અજ્ઞાનથી ભજે, તો આપ પણ તેને ભજો છો. એટલે કે, અજ્ઞાનથી આપનું ભજન કોઈ મનુષ્ય કરે, તો તેને અમૃતની સમાન સેવન કરવાથી કલ્યાણ પ્રાપ્ત થાય છે.

ગોપીજનો જાતિથી હીન ગણાય. સ્ત્રીઓ છે તે જન્મથી હીન ગણાય. શાસ્ત્ર નજરે અધિકાર વગરનાં. વનમાં સ્વચ્છન્દ, દહીં વેચવા વગેરે માટે ફરનાર. સ્થાન પણ ઉત્તમ નહિ. ક્રિયા પણ ઉત્તમ નહિ. વનવાસને ઉત્તમ ગણ્યો છે. આ તો ઉત્તમલોકો માટે છે. તે બધા વનવાસથી ઉત્તમગતિ મેળવે છે. માત્ર વનવાસથી ઉત્તમ ગતિ મળતી હોય તો વનમાં વાનર, હિંસક પશુ, લુંટારા, ભિલ્લ વગેરે પણ વસે છે તે બધાં ઉત્તમ ગણાઈ જાય. વનમાં સુખ-સગવડ, સાધન સંપત્તિ મળતા નથી આથી દેખીતી રીતે આ હીનતા જ ગણાય.

લોક નજરે ગોપીજનો વ્યભિચાર દુષ્ટ લાગે પણ વાસ્તવમાં તેવું નથી.

ભગવાને પોતાની લીલા માટે સૌ ગોપીજનને પ્રકટ કર્યા છે. પ્રભુ પ્રાકટ્ય પહેલાં શ્રુતિરૂપા ગોપીજનના વિવાહ થઈ ગયા છે. તે ગોપો તેમના પતિ રૂપ ગણાય. આ ગોપોનો મનથી માત્ર માનેલો સંબંધ છે. આવા લાગતાં આ ગોપીજન ક્યાં ? અને પરમાત્મા કૃષ્ણમાં આ તેમનો રૂઢ-દૃઢ ભાવ ક્યાં ? વ્યભિચાર ભાવ અસ્થિર છે. કૃષ્ણભાવ સુસ્થિર છે. વિરૂદ્ધભાવથી આ એક આશ્ચર્ય છે. પહેલાં રાસ સમયે અને ત્યાર પછી પણ આવા વ્રજવાસી ગોવાળોએ ગોપીને પોતાની પાસે માન્યાં છે. પોતાનાં પત્ની માન્યા છે. ગોપીજન પત્નીરૂપ નથી. તેવો વ્યવહાર કરવા જતાં તો ભગવદીય ગોપીજન કે ભગવાન ભસ્મસાત્ કરી દે.

ગોપીજનોમાં જ્ઞાન નથી તો પછી દૃઢ ભાવ ક્યાંથી સિદ્ધ થયો ? જવાબ છે કે જો ભક્ત ભગવાનની સમીપમાં બેસી ભજન કીર્તનાદી મોટા પ્રમાણમાં કરે, પછી ભલે તેની પાસે જ્ઞાનાદિ સાધન ન હોય, તો પણ પ્રભુ પ્રાપ્તિ જલદી થાય છે. દાખલા તરીકે અમૃતમાં બીજી કોઈ વસ્તુની મેળવણી ન કરી હોય, છતાં માત્ર અમૃતના સેવનથી નિશ્ચિત સ્વરૂપે કલ્યાણ થાય છે. તે પ્રમાણે ગોપીઓ પણ પ્રભુની સમીપમાં રહ્યા. તેમની પાસે બીજું કોઈ સાથન ન હતું, પરંતુ તેમણે વિશ્વાસપૂર્વક ભગવાનનાં ભજનકીર્તન કર્યા, તેમના ગુણગાન ગાયાં. તેથી તેમને પરમ કલ્યાણનું ફલ શીઘ્ર મળ્યું.

નાયંઙ્ક્ષ્રિયોઙ્ગ ઉ નિતાન્ત - રતેઃ પ્રસાદઃ
સ્વર્યોષિતાં નલિન-ગન્ધ-રુચાં કુતોઽન્યાઃ ।
રાસોત્સવેઽસ્ય ભુજ-દંડ-ગૃહીતૃ-કણ્ઠ-
લબ્ધાશિષાં ય ઉદગાદ્-વ્રજલ્લવીભિઃ ।।૩।।

શબ્દાર્થ : (આ ભાવ અને આ લાભ, વસ્તુતઃ તો ભગવદિચ્છાથી જ સંભવે છે, પણ અત્યાર સુધીમાં ક્યાંય તેમ થયું નથી, તેથી શ્રીગોપીજનની સ્તુતિ કરે છે; નહિ તો તેમના જેવી કૃપા અન્યત્ર પણ સંભવે ! તેનાં સંભવ સ્થાન કહે છે.) **ઉ** = આશ્ચર્ય છે, **અંગે** = ભગવત્સ્વરૂપમાં, **નિતાન્ત-રતેઃ** = નિરંતર (એકાંત) રતિ (વિહાર) વાળાં, **શ્રિયઃ** = લક્ષ્મીદેવીને (અથવા, લક્ષ્મીજીના અંગમાં), **અયં** = આ, **પ્રસાદઃ** = કૃપા (પ્રસન્નતા), **ન** = નથી (થઈ), (લક્ષ્મીજીને રતિ સુલભ

છે, આ પ્રસાદ નહિ), **નલિન-ગન્ધ-રુચાં** = કમલના સુગંધ અને કાન્તિવાળાં, **સ્વર્યોષિતાં** = સ્વર્ગના સ્ત્રીઓને (નથી) (આ પ્રસાદ મળ્યો નથી. ભગવાન્ કમલપ્રિય છે, છતાં કમલકાન્તિ-સુગંધથી કમલભ્રમથી પણ, કમલ-પૂજિત વિરાજતા હોય, તેમ પણ નથી. ઈન્દ્ર-ઉપેન્દ્ર-ભાવે ભગવાને સ્વર્ગમાં વિહાર કરવા છતાં, આ પ્રસાદ તેમને દીધો નથી.), **અન્યાઃ** = (તો), બીજી (જે તે અવતાર સંબંધી) સ્ત્રીઓને (તો) **કૃતઃ** = ક્યાંથી (દે) ? (તે કયો પ્રસાદ ? તે કહે છે), **રાસોત્વે** = રાસોત્વમાં, **અસ્ય** = આ (પ્રકટ) (શ્રીકૃષ્ણ)ના, **ભુજ-દંડ-ગૃહિત-કણ્ઠ-લબ્ધાશિષાં** = બાહુ - દંડોથી, ગ્રહણ કરેલ કંઠોથી પ્રાપ્ત (પૂર્ણ) કરેલ છે મનોરથો જેમણે તેવાં, **વજ-વલ્લવીભિઃ** = વ્રજનાં (શ્રી) ગોપીજનો સાથે **યઃ** = જે (પ્રસાદ), **ઉદ્ગાત્** = ઉદય પામ્યો, (પ્રકટ થયો). (રાસોત્સવમાં શ્યામના ભુજદંડોથી, ગ્રહણ કરેલા કંઠોથી, જેમના મનોરથો પૂર્ણ થયા છે, તેવાં શ્રીગોપીજનો છે. તેમની સાથે કૃષ્ણનો આ પ્રસાદ પ્રકટ થયો. તેવો બીજે ક્યાંય થયો નથી. ક્યારેય પણ અનેક રૂપે પ્રકટ કરીને આમ રમણ માટે રસમત્ત ભગવાન્ થતા નથી. તેમાં પણ આ તો ગોપી! ગુપ્ત નહિ ! દહીં - વગેરે વેચવા સર્વત્ર ઘૂમનારાં ! આ તો ભગવાન્ ! મોટાઓની પણ પ્રાર્થનાથી મોટા કામ માટે ભગવાન્ તો ક્યારેક એક રૂપ પ્રકટ કરે; અવતાર લે ! અહીં તો વગર કહ્યે પણ આ ગોપીજનો માટે લોક-વેદાતીત-પુરુષોત્તમે અનેક રૂપો પ્રકટ કરી દીધાં ?! સર્વોત્તમ સ્વરૂપાનંદ દીધો ! અનેક રીતે રસ ઉત્પન્ન કર્યો ! આ ગોપીજન જેવાં તો કોઈ નથી. આવો ભગવત્પ્રસાદ પણ બીજે ક્યાંય નથી. અવસ્થા જ શ્રીગોપીજનની એવી છે, પ્રમાણમાં પ્રસિદ્ધ-સ્તુતિ ન હોવા છતાં, સર્વોત્તમ જ છે !).

શ્લોકાર્થ : રાસોત્સવ સમયે શ્રીપ્રભુએ પોતાનો શ્રીહસ્ત જેમના ગળામાં પધરાવી, ગોપીઓના પર જેવી કૃપા કરી છે તેવી કૃપા તો પ્રભુને સતત આનંદ આપનાર લક્ષ્મજી પર પણ કરી નથી. તેમજ સ્વર્ગની અપ્સરાઓ, જે કમળના જેવી સુંગધવાળી અને કાન્તિવાળી છે તેમના ઉપર પણ કરી નથી. તો બીજી સ્ત્રીઓને તો આ અલભ્ય લાભ હોય જ ક્યાંથી ?

ભગવાને ગોપીજનો પર ખુબ કૃપા કરી છે. આવી કૃપા બીજી કોઈ સ્ત્રીઓ પર કરી નથી. દા.ત. લક્ષ્મીજી અને સ્વર્ગની અપ્સરાઓ. લક્ષ્મીજી તો નિરંતર પ્રભુના ચરણ કમળની સેવા કરે છે. અપ્સરાઓ સાથે પ્રભુ ઈન્દ્ર-ઉપેન્દ્ર ભાવ ધારણ કરી રમણ કરે છે. પ્રભુને કમળ અતિશય પ્રિય છે. અપ્સરાઓ કમળની સુંગધવાળી છે. આમ છતાં તે બધાને ગોપીજનો જેવા અલૌકિક અને અલભ્ય રસદાનનો લાભ નથી મળ્યો.

શ્રીગોપીજનો પર આવી શ્રેષ્ઠકૃપા પ્રભુએ રાસના ઉત્સવમાં કરી. બ્રહ્માજી પ્રભુના દર્શન માટે પ્રાર્થના કરે છે. ત્યારે પ્રભુ એક જ સ્વરૂપથી દર્શન દે છે. રાસમાં તો જેટલા ગોપીજનો તેટલા પ્રભુ પ્રકટ થયા. ગોપીજનોના ગળામાં પોતાના શ્રીહસ્તને પધરાવ્યો, રાસ રમ્યા અને આનંદનું દાન કર્યું, આ અદ્વિતીય છે. આમ શ્રીગોપીજનો જેવા ભાગ્યશાળી સ્ત્રીઓ બીજા કોઈ નથી. તેઓને મળેલ ઉત્તમ લાભ બીજા કોઈને મળ્યો નથી.

આસામહો ચરણ-રેણુ-જુષામહં સ્યાં
વૃન્દાવને કિમપિ ગુલ્મ-લતૌષધીનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્ય - પથં ચ હિત્વા
ભેજુર્મુકુન્દ-પદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ।।૪।।

શબ્દાર્થ : (આ શ્રીગોપીજનના તો દાસાનુદાસ થવાની પણ યોગ્યતા જ્ઞાનિભક્ત ઉદ્ધવજી જેવાને પણ દેખાતી નથી ! તેથી ચરણ-રજ-લાભ-માટે નાનકડા-સામાન્ય છોડમાંથી કોઈપણ એક થવા ઈચ્છે છે. જંગમ-પ્રાણી થાય તો ક્યાંય દૂર ચાલ્યા પણ જવાય ! મનુષ્ય થતાં - વ્યવહાર યોગ્ય થતાં સમાનતાનો ભાવ જાગે ! તે તો અયોગ્ય થાય ! સ્થાવરોમાં મોટાં વૃક્ષાદિ થતાં તો લાંબો વખત રહેવું પડે, ઝટ પ્રભુપ્રાપ્તિ ન થાય. જે જેની ચરણરજ વાંછે તે તે રૂપ થાય કે તત્સંબંધી થાય, તેથી અલ્પાયુ અને ચરણરજ-પ્રાપ્તિ-યોગ્ય જન્મ અહીં અભિલષિત છે). **અહો** = અહો, **આસાં** = આમના (શ્રીગોજનોના), **ચરણ-રેણુ-જુષાં** = ચરણરજને (પ્રીતિપૂર્વક) સેવનારાઓ, **ગુલ્મ-લતૌષધીનાં** = થુંમડાં, વેલ, અષોધિયોની (વચમાં), **વૃન્દાવને** = વૃન્દાવનમાં, **કિં** = કાંઈ, **અપિ** = પણ

(એક), **અહં** = હું, **સ્યાં** = થાઉં (હોઉં)! (તુલસીજી-કુન્દ-જાતિ-ડાંગર-વગેરે રૂપે નથી થવું ! તે થવામાં તો તદીયોનો હસ્તસંબંધ, ભગવત્સંબંધ, શિરઃસંબંધ મળે! તે બહાને તો ઉત્કર્ષ માગ્યો ગણાય! અહીં તો આવો ઉત્કર્ષ ઈચ્છયો નથી. ઈચ્છેલો ઉત્કર્ષ તો થાય છે, ચરણરજના સંબંધથી! તેથી દીનતા જોઈએ, મોટાઈ નહીં ! આવો જન્મ પણ ભક્તિજનક વૃન્દાવનમાં થવો જોઈએ, બીજે નહિ ! અમુક રૂપે થવાનો કોઈ આગ્રહ નથી! ગોપીજનની ચરણરજનો સંબંધ થવો જોઈએ ! આ શ્રીગોપીજનને ભગવત્સંબંધ સુલભ છે, અન્યત્ર નહિ. આ ગોપીજનના ધર્મ કહે છે.); **યાઃ** = જેમણે (શ્રીગોપીજનોએ), **દુઃસ્ત્યજં** = દુઃખી છોડી શકાય તેવાં, **સ્વજનં** = (પુત્રાદિ) સ્વજનને, **ચ** = અને, **આર્ય-પંથ** = સન્માર્ગને, **હિત્વા** = ત્યજીને, **શ્રુતિભિઃ** = શ્રુતિયો વડે, **વિમૃગ્યાં** = વિશેષ રીતે શોધવા (આવશ્યક) યોગ્ય, **મુકુન્દ-પદવીં** = મોક્ષદાતા (કે મોક્ષનું ખંડન કરીને સ્વરૂપાનંદ-દાતા) (શ્રીકૃષ્ણ)ના માર્ગને, **ભેજુઃ** = સેવ્યો. (આ પુત્રાદિ-સ્વજન અને સન્માર્ગ તો લૌકિક છે. વાસ્તવમાં તો ભગવાન્ જ સ્વજન છે, અને તે જ સન્માર્ગ-રૂપ છે, નહિ તો યથાર્થ ફલ ન થાય. આ છોડયાં ! અને ‘‘ચ’’કારથી તો ભગવાનના ઉપદેશને પણ છોડ્યો ! અન્યથા બાહ્ય સંવેદનમાં સ્વસ્થતા થાય ! આ બધું છોડીને મોક્ષદાતાના માર્ગને સેવ્યો. જે જે માર્ગે જાય, તે તેટલા ધર્મમાં તેના સમાન થાય, તેથી શ્રીગોપીજન પણ મોક્ષદાત્રી થયાં! તેમ અમે પણ થશું ! આમ, ભગવદ્‌ભજન કરતાં પણ આ તો ઉત્તમ છે. આ તો શ્રુતિયોને પણ સુલભ નથી. શ્રુતિયો કહેવા તો વિચારે છે, પણ યથાર્થરૂપે કહી શકતાં નથી! તેનું દૃષ્ટાંત નથી ! ભગવાને તો આ શ્રીગોપીજનને જ તેનું દૃષ્ટાંત બનાવ્યાં. શ્રુત-ઋષિ હતાં તે વ્રજમાં શ્રુતિરૂપા-ઋષિરૂપા થયાં ! ભગવદભિપ્રાય તો શ્રુતિને પણ જાણવા શક્ય નથી! સર્વજ્ઞતા છતાં તેમાં આ દૂષણ નથી ! ‘‘**યસ્યામતં તસ્ય મતં**’’ શ્રુતિએ તેથી જ અજ્ઞાનની સ્તુતિ કરી છે ! છતાં સ્વાર્થે, અજ્ઞાનમાં. વિશેષ જિજ્ઞાસામાં, અવશ્યભાવથી, પોતાના સામર્થ્યને અવશ્ય માનતાં, શ્રુતિયો મુકુન્દપદવીને શોધે જ છે. સર્વોત્કૃષ્ટ હોવાથી વિશેષ શોધે છે.)

શ્લોકાર્થ : જે ગોપીઓએ પોતાના સ્વજનો અને આર્યમાર્ગ જે તજવો

ઘણો કઠણ છે તેનો પણ ત્યાગ કરી, શ્રુતિઓ જે મને શોધી રહી છે, તે મુકુંદ ભગવાનને પામી, તે ગોપીઓના ચરણ રજને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી વૃંદાવનમાં હું ગુલ્મો, લતા અથવા ઔષધિ તરીકે જન્મ પામું તો એ ગોપીઓની ચરણ રજનું હું સેવન કરી શકું.

જ્ઞાની ભક્ત ઉદ્ધવજીને લાગ્યું કે ગોપીજનોના દાસાનુદાસ થવાની પણ યોગ્યતા તેમનામાં નથી. તેમને ગોપીજનોના ચરણ રેણુનું સેવન કરવાની ઈચ્છા કરી આથી તે છોડ, વેલ કે ઔષધીમાંના એક થવાનું કહે છે.

જો અન્ય પ્રાણી રૂપ થાય તો પ્રસંગવશાત્ દૂર પણ જવું પડે. વ્યવહાર યોગ્ય માનવ બને તો સમાનતાનો ભાવ જાગે આથી લાભ થાય નહીં. મોટાં વૃક્ષ બને તો લાંબુ જીવાય પણ પ્રભુપ્રાપ્તિ શીઘ્ર થાય નહીં. આથી અલ્પાયુ, જોઈએ અને રજપ્રાપ્તિનો યોગ જોઈએ -તે અનુરૂપ જન્મ ઈચ્છવા જેવો.

તુલસીનો છોડ - કુન્દ જાતી વેલ કે ડાંગર રૂપ ઐષધ થાય તો ભક્તો હાથથી ચુંટે, પ્રભુને અંગીકાર કરાવે, મસ્તકે પણ ધરે આથી મોટાઈ આવે. ચરણ રજ તો ન જ મળે માટે તે પણ બનવું નથી. સામાન્ય છોડ-વેલ થવું છે તે પણ વૃંદાવનમાં આનાથી દીનતા વધે અને ભક્તિ તથા રજ લાભ પણ મળે.

પુત્ર વગેરે સ્વજન છોડવાં મુશ્કેલ છે. શ્રીગોપીજનોએ તે પણ છોડયા - સન્માર્ગ પણ છોડયો. આ બંને લૌકિક છે ખરા સ્વજન અને આર્યમાર્ગ રૂપે તો ભગવાન જ છે. તે માર્ગ પણ છોડયો. ભગવદ્ ઉપદેશ પણ છોડયો. આથી મુકુન્દની પદવી પ્રાપ્ત થઈ. શ્રુતિ મુકુંદપદવી કહેવા ઈચ્છે છે પણ સ્પષ્ટ કહી શકતાં નથી. કારણ દૃષ્ટાંત મળતું નથી. ભગવાને ગોપીજનને જ હવે દૃષ્ટાંત રૂપ બનાવ્યા છે. ઋષિ અને શ્રુતિએ જ્ઞાનદશા છોડી - ગોપીરૂપે અજ્ઞાનદશા સ્વીકારી. આથી જ પ્રભુના સ્વરૂપાનંદનો લાભ થયો. ઉદ્ધવજી આથી જ ગોપીજનોના ચરણરજની ઈચ્છા કરે છે. તે રજ તેમના પર પડે તો તે પવિત્ર બને અને ભગવદ્ભાવને પ્રાપ્ત કરે.

યા વૈ શ્રિયાર્ચિતમજાદિભિરાપ્ત-કામૈ
ર્યોગેશ્વરૈરપિ યદાત્મનિ રાસગોષ્ઠ્યામ્ ।
કૃષ્ણસ્ય તદ્ ભગવતશ્ચરણારવિન્દં
ન્યસ્તં સ્તનેષુ વિજહુઃ પરિરભ્ય તાપમ્ ।।૫।।

શબ્દાર્થ : (જે ભગવાન્ સૌના પૂજ્ય છે, તે તો શ્રીગોપીજનના સંતાપને શમાવે છે ! સંતાપમાં પણ પૂજ્યનો પૂજાર્થે પણ સ્પર્શ નિષિદ્ધ છે, તેમાં પણ આ તો અંગભાવને પ્રાપ્ત થયા ! ગૌણ છતાં સ્વકીય થયા ! મર્યાદા રહી નથી !) **શ્રિયા** = (સર્વત્ર ફલરૂપા) લક્ષ્મીજી વડે, **અજાદિભિઃ** = બ્રહ્માજી વગેરે વડે, **આપ્તકામૈઃ** = આપ્તકામનાઓવાળા (સનકાદિ) વડે, **યોગેશ્વરૈઃ** = (સિદ્ધિ વગેરે) યોગેશ્વરો વડે, (જે સર્વ કરવા સમર્થ છે તેવાઓ વડે), **યત્** = જે (ચરણને), **આત્મનિ** = (ધ્યાન કરીને પણ) અંતઃકરણમાં, **અર્ચિતં** = (ઈષ્ટ સિદ્ધિ માટે) પૂજાએલું છે, (ગમે તેમ ઉપયોગમાં લેવાનું શક્ય નથી.), (આ બધાને સમર્થ છે, તેમને સર્વ પુરુષાર્થ પ્રાપ્ત છે, સર્વાસાધનસિદ્ધિ છે. વશ છે, છતાં તેથી પણ ઉત્તમ ફલની પ્રાપ્તિ માટે ભગવાનના ચરણને પૂજે છે.) (તેમને પણ બહાર પ્રકટ આ ચરણ સુલભ નથી), **રાસગોષ્ઠયાં** = રાસગોષ્ઠીમાં, **સ્તનેષુ** = (પોતાના) સ્તનો ઉપર, **ન્યસ્તં** = (ભગવાને) પધરાવેલા, **ભગવતઃ** = (સર્વસમર્થ) ભગવાન્, **કૃષ્ણસ્ય** = (ફલરૂપ-સદાનન્દ) (શ્રી) કૃષ્ણના, **તત્** = તે (સ્વતંત્ર-ફલદ-ભક્તિમાર્ગપ્રવર્તક), **ચરણારવિંદ** = ચરણ-કમલને, **પરિરભ્ય** = ભેદીને (વશ કરીને) **યાઃ** = જેમણે (શ્રીગોપીજનો), **વૈ** = નિશ્ચિતપણે, **તાપં** = સંતાપને, **વિજહુઃ** = ત્યજ્યો, શમાવ્યો. (રાસગોષ્ઠીમાં કૌતુકક્રીડામાં સ્વયં સ્વેચ્છાથી નાચીને થાકેલાં શ્રીગોપીજને તો ભગવાનના ચરણ-કમલને કમલ-પંખો-ચંદન જેવો માનીને સ્તનો પર પધરાવ્યો છે. ભગવાને જ આમ ચરણ ધર્યો છે ! ભગવાન્ પણ તેમને અત્યંત વશે છે ! સંતાપને શીઘ્રસમાવવા માટે પોતે પણ શીઘ્ર ચરણ સ્તનો પર પધરાવ્યા છે ! આ શ્રીગોપીજન તો પ્રમાણ-પ્રમેયથી ઉત્તમ છે.)

શ્લોકાર્થ : લક્ષ્મીજી, બ્રહ્મા તથા બીજાઓ, સનકાદિ વગેરેએ ભગવાનના ચરણારવિંદને પૂજેલાં છે, યોગેશ્વરો જે ચરણારવિંદને તેમના હૃદયમાં ધારણ

કરે છે, તે ચરણારવિંદને ભગવાન કૃષ્ણે રાસલીલામાં રમણ કરતી વેળા ગોપીઓને આલિંગન આપી, તેમના સ્તન પર પધરાવ્યા. તેમ કરવાથી ગોપીઓના હૃદયમાં રહેલો સર્વતાપ દૂર થઈ ગયો.

લક્ષ્મીજી સર્વફલરૂપા છે. છતાં ઈષ્ટસિદ્ધિ માટે જ શ્રીકૃષ્ણચરણ આદરથી પૂજે છે. ગમે તેમ વર્તતા નથી. બ્રહ્મા, સનતકુમાર, વગેરે યોગેશ્વરો સર્વ કાંઈ કરી શકે છે. આ બધાને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થયા છે. તે બધા સર્વસાધન સિદ્ધ છે છતાં તે સૌ ઉત્તમ ફલ સિદ્ધિ માટે કૃષ્ણચરણને ભજે છે. આ બધા બાહ્ય પૂજન સાથે અંતઃકરણમાં પણ તે ચરણકમલનું ધ્યાન કરે છે.

શ્રીકૃષ્ણ સદાનંદ છે. ફલરૂપ છે. સ્વતંત્ર ફલદાતા છે. સ્વતઃ ભક્તિમાર્ગ પ્રવર્તક છે. સર્વ સમર્થ ભગવાન છે. તેઓ પોતાના ચરણકમલને રાસગોષ્ઠીમાં શ્રમિત થયેલા ગોપીજનોના વક્ષઃસ્થળે પધરાવ્યા. તે વખતે શ્રીગોપીજનોને આ ચરણ કમળ પંખો હોય કે ચંદનનો લેપ હોય તેવી તેમને ઠંડક આપે છે. તેથી તેમના હૃદયમાં રહેલ વિરહતાપ દૂર થાય છે. તેમને શાંતિ મળે છે. ત્યાર પછી ભગવાન તેમને ભેટે છે. આથી તેમના સર્વ પ્રકારનાં તાપ નિર્મૂળ થઈ જાય છે. આ બતાવે છે કે ગોપીજનો પૂજ્ય છે. આરાધ્ય છે કારણ ભગવાન જાતે તેમના તાપ દૂર કરે છે. ભગવાન ગોપીજનોને વશ છે.

વન્દે નન્દ-વ્રજ-સ્ત્રીણાં પાદ-રેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિ-કથોદ્‌ગીતં પુનાતિ ભુવન-ત્રયમ્‌ ।।૬ ।।

શબ્દાર્થ : (શ્રીગોપીજનને નમન કરવામાં પણ ઉદ્ધવાદિને પોતાનો અધિકાર લાગતો નથી. પરંતુ નન્દવ્રજનાં સ્ત્રીમાત્રનાં એક ચરણરજને વારંવાર વંદે છે.) **નન્દ-વ્રજ-સ્ત્રીણાં** = શ્રીનન્દરાયજીના વ્રજનાં સ્ત્રીઓ (શ્રીગોપીજનો)ના, **પાદ-રેણું** = (એક) ચરણ-રજને, **અભિક્ષ્ણશઃ** = વારંવાર, **વન્દે** = હું (સાદર વનંદન કરું છું, (આપણા કરતાં આ એક રેણુ મહાન્-ઉત્કૃષ્ટ-ફલ રૂપ છે. તેને આદરથી વંદે છે), **યાસા** = જેમના, **હરિ-કથોદ્‌ગીતં** = હરિકથા-ઉદ્‌ગીત (હરિકથા કરતાં પણ કે હરિકથા સાથે ગાયેલાં ઊચ્ચ-ગીત), **ભુવન-ત્રયં** = ત્રિભુવનને (ગુણો

સાધક-બાધક થતા નથી, તેમ), **પુનાતિ** = પાવન કરે છે. (ગાનમાત્રથી પાવન કરે છે, તે તો ગંગાથી પણ વધુ ઉત્કર્ષ છે.)

શ્લોકાર્થ : નંદના વ્રજના સ્ત્રીજનની ચરણ રજને હું વારંવાર નમસ્કાર કરું છું. તેમણે કરેલું ભગવાનની કથાનું ગાન, ત્રણે લોકને પવિત્ર કરે છે.

ઉદ્ધવજી કહે છે કે, ‘‘શ્રી ગોપીજનને નમન કરવાનો પણ આપણો અધિકાર નથી. શ્રીનંદબાવાના વ્રજના સ્ત્રીમાત્રના એક જ પાદરેણુને વારંવાર હું વિવેકથી વંદન કરું છું. નન્દના વ્રજમાં અનેક સ્ત્રીઓ છે. તેમના પાદરેણુ અસંખ્ય છે. તે દરેકને વંદનનું સામર્થ્ય અને યોગ્યતા નથી. એક પાદરેણુને અનેક વખત વંદન. આપણાં કરતાં તો રેણુ મહાન છે. ફલરૂપ છે. આથી આવા રેણુને અતિ આદરથી માત્ર વંદન જ કરાય. ગોપીજનોએ ભગવાનના યશોનું ગુણગાન ઘણાં ઉંચેથી કર્યું છે. આ ગુણગાન ત્રણે લોકને પવિત્ર કરે છે. તે બતાવે છે કે તેમણે ગાએલું ગાન, ગંગાથી પણ ઉત્તમ છે.

ઉદ્ધરજીએ હવે નંદ, યશોદા અને ગોપીજનોની રજા લિધી, ગોપોને પણ જાઉં છું એમ કહ્યું. ત્યાર પછી રથમાં બેઠા. નન્દબાવા અને બીજા ગોપો હાથમાં જુદા જુદા પ્રકારની ભેટો લઈને આવ્યા. તેમની આંખોમાં આંસુ હતા. સ્નેહથી તેઓ કહેવા લાગ્યા કે અમારા મનની વૃત્તિઓ ઈશ્વરના ચરણ કમળના આશ્રયે રહે. અમારી વાણી તેમના નામોનું સ્મરણ કરે. અમારી કાયા તેમને નમસ્કાર, પૂજા વગેરે સાધન કરે. ઈશ્વરની ઈચ્છાથી કે અમારાં કર્મોના બંધનને કારણે અમે જ્યાં જ્યાં નવા જન્મ લઈએ ત્યાં ત્યાં અમારો પ્રેમ કૃષ્ણમાં જ રહે.

ઉદ્ધવજી મથુરામાં પાછા ફર્યા. શ્રીકૃષ્ણ પાસે આવ્યા. તેમને પ્રણામ કર્યાં. વ્રજવાસીઓની ભક્તિની અધિકતાનું વર્ણન કર્યું. જેની જેની જે ભેટો હતી તેને તે આપી દીધું.